આજનો સુવિચાર

સારૂ પરિણામ મેળવવા માટે વાતોથી નહીં, પણ રાતોથી લડવુ પડે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૨૨ જૂનાગઢ તા.૦૨-૦૯-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 222, Junagadh : Date : 02 September, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## સ્ટાઈપેન્ડ મુદ્દે રેસીડેન્ટ ડોકટરોની રાજ્યવ્યાપી હડતાલ આરોગ્ય સેવાઓ ઠપ્પ : દર્દીઓને ભારે હાલાકી

અમદાવાદ તા.૨

કોલકાતામાં જુનિયર ડોક્ટર પર રેપ-મર્ડર કેસના વિરોધમાં હડતાળ પર ઊતરેલા રાજ્યભરના રેસિડેન્ટ ડોક્ટરો વધુ એકવાર સ્ટાઈપેન્ડના મુદ્દે હડતાળ પર ઊતરી ગયા છે. આ હડતાળ દરમિયાન રેસિડેન્ટ ડોક્ટરો ઈમર્જન્સી સહિતની તમામ સેવાઓથી અળગા રહેશે. તેઓ સરકાર સામે આક્રોશ વ્યક્ત કરતા કહે છે કે, દર ત્રણ વર્ષે સ્ટાઈપેન્ડ વધારવાનું હોય છે પણ હવેથી ૫ વર્ષે વધારવાનો નિર્ણય કર્યો છે. જેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. તેમજ સ્ટાઈપેન્ડ પણ ૪૦ ટકાને બદલે માત્ર ૨૦ ટકા જ વધાર્યું છે. ઉલ્લેખનીય છે કે, એક તરફ સિઝનલ રોગચાળો ફાટી નીકળ્યો છે અને બીજી તરફ રેસિડેન્ટ ડોક્ટરો હડતાળ પર છે. ત્યારે દર્દીઓએ આજે ભારે હાલાકીનો સામનો કરવો પડશે. આજે અમદાવાદમાં ૧૦ હજારથી વધુ ઓપીડી રદ કરવામાં આવી છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રેસિડેન્ટ ડોક્ટરોની હડતાળને લઈને સિવિલે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. ડો. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, રેસિડેન્ટ ડોક્ટરોની હડતાળને લઈને ઈમર્જન્સી અને OPDને અસર થઈ શકે છે. અમે સરકાર પાસે વધારાના મેડિકલ ઓફિસરની માગ કરી છે. વધારાના ૫૦ મેડિકલ ઓફિસર ફાળવવામાં આવ્યા છે. ૨૫ નોન ટીચિંગ સ્ટાફ પણ હાજર રહેશે. ૩૬ અન્ય ડોક્ટરો પણ હાજર રહેશે. તમામ ડોક્ટરોની રજા કેન્સલ કરવામાં આવી છે. દર્દીઓનાં એવાં ઓપરેશન કે જેમાં ઈમર્જન્સીની જરૂર ન હોય તે રિ-શિડ્યુલ કરવામાં આવશે. અંદાજિત ૫૦ ટકા જેટલી સર્જરી અને પ્લાન્ટ ઓપરેશન મોકૂફ રાખવામાં આવશે. અત્યારે ઈમર્જન્સીને પ્રાથમિકતા આપવામાં આવશે. બહારથી આવેલા દર્દીઓ જે પરત ના જઈ શકે તેમને આજે દાખલ કરવામાં આવશે.




## પૂણેમાં એનસીપીના પૂર્વ કાઉન્સીલરની અંધાધૂંધ ગોળીબાર કરી કરપીણ હત્યા

મુંબઈ, તા.૨

મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણી પહેલાં અજિત પવારની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના પૂર્વ કોર્પોરેટર પર ફાયરિંગ કરી તેમની હત્યા કરવાની ચકચાર મચાવતી ઘટના બની હતી. જીવ ગુમાવનારા કોર્પોરેટરની ઓળખ વનરાજ આંદેકર તરીકે જાહેર કરાઈ હતી. પૂર્વ કોર્પોરેટર વનરાજ પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં તે મૃત્યુ તેમનું મૃત્યુ થયું હતું. પૂણે પોલીસે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી હતી. પોલીસે જણાવ્યું કે આ ઘટના પૂણેના નાના પેઠ વિસ્તારમાં બની હતી. હુમલાખોરોએ રવિવારે રાતે ૮:૩૦ વાગ્યે પિસ્તોલ વડે ગોળીઓ વરસાવી હતી. હુમલામાં આંદેકર ગંભીર રીતે ઘવાયા હતા જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડાતા તે ત્યાં મૃત્યુ પામી ગયા હતા.

## મણિપુરમાં પુનઃ હિંસા ભડકી : ફાયરીંગમાં મહિલા સહિત બેના મોત

ઈમ્ફાલ તા.૨

મણિપુરના ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં એક મહિલા સહિત બે લોકોનાં મોત થયા હતા. મહિલાની ૮ વર્ષની પુત્રી અને એક પોલીસ અધિકારી સહિત ૯ લોકો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓએ પહાડીના ઉપરના વિસ્તારોમાંથી કોટરુક અને કડાંગબંદ ઘાટીના નીચલા વિસ્તારો તરફ ગોળીબાર કર્યો અને ડ્રોનથી પણ હુમલો કર્યો. આ અચાનક થયેલા હુમલાને કારણે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિત અનેક લોકો સલામત સ્થળે ભાગી જવાની ફરજ પડી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઘાયલ થયેલા ૯ લોકોમાંથી પાંચને ગોળી વાગી હતી, જ્યારે બાકીના લોકોને બોમ્બ ઝીંકવામાં આવ્યા હતા. સ્થાનિક લોકોએ દાવો કર્યો છે કે હુમલામાં ડ્રોન બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## અયોધ્યામાં ૨.૫ કરોડ શ્રધ્ધાળુઓએ રામલલ્લાના દર્શન કર્યા

અયોધ્યા,તા.૨:

રામલલાના અભિષેક બાદથી અયોધ્યામાં શ્રદ્ધાળુઓની ભીડ બમણી થઈ ગઈ છે. અયોધ્યામાં રામલલાના દરબારમાં દરરોજ ૭૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ આવે છે. એટલું જ નહીં છેલ્લા ૮ મહિનામાં ૨.૫ કરોડ શ્રદ્ધાળુઓ અયોધ્યા આવ્યા છે. જેમાં VIP અને VVIP શ્રદ્ધાળુઓની સંખ્યા પાંચ લાખથી વધુ છે. ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરના ઉદઘાટન બાદ અયોધ્યામાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. આ પછી પ્રાણ પ્રતિષ્ઠાના ચાર મહિનામાં ૧.૫ કરોડ શ્રદ્ધાળુઓ આવ્યાં છે. જો કે, પહેલાની સરખામણીમાં હવે ભક્તોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. પ્રાણ પ્રતિષ્ઠા પછી દરરોજ ૧.૫૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ રામલલાના દરબારમાં આવે છે, પરંતુ એપ્રિલથી આ સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે, ત્યારે હવે રામલલાના દરબારમાં દરરોજ ૭૦થી ૯૦ હજાર શ્રદ્ધાળુઓ આવે છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય ડો. અનિલ મિશ્રાએ જણાવ્યું હતું કે, 'હાલમાં દરરોજ ૭૦ હજારથી વધુ ભક્તો રામલલાના દર્શન કરવા આવી રહ્યા છે.

:: બ્રેકિંગ ન્યુઝ ::

## બુલડોઝર એકશન પર સુપ્રિમ કોર્ટની સખત ટીપ્પણી : આરોપના આધારે બુલડોઝર ચલાવવું ખોટું : દિશા નિર્દેશ જારી કરીશું

નવી દિલ્હી તા.૨

દેશમાં ખાસ કરીને ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યોમાં તાજેતરમાં કરવામાં આવેલી બુલડોઝર એકશન અંગેના કેસમાં સુપ્રિમ કોર્ટે આજે સુનાવણી હાથ ધરતાં એવી સખત ટીપ્પણી કરી હતી કે, માત્ર આરોપના આધારે બુલડોઝર ચલાવવું ખોટું છે. કોઈ આરોપી છે માત્ર તે આધારે જ બુલડોઝર એકશન કેવી રીતે લઈ શકાય ? આરોપના આધાર પર બુલડોઝર એકશન કાયદા પ્રમાણે નથી. સુપ્રિમ કોર્ટે વધુમાં એવી ટીપ્પણી કરી હતી કે, બુલડોઝર એકશન મામલે અમે રાજયોને નિર્દેશ જારી કરીશું. અને તમામ રાજયોએ તેનું પાલન કરવાનું રહેશે. આ મામલે દિશાનિર્દેશ નક્કી કરવાની જરૂર છે તેમ સુપ્રિમ કોર્ટે કડક ટીપ્પણી કરતા કહ્યું હતું.

તાજેતરમાં બુલડોઝર એકશનની ઘટનાઓએ દેશભરમાં ભારે ચર્ચાઓ જગાવી છે ત્યારે આ મામલે સુપ્રિમ કોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા. જે મામલાની આજે તાત્કાલીક સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ લખાઈ રહ્યું છે ત્યારે પણ સુનાવણીની કાર્યવાહી ચાલુ છે અને સુપ્રિમ કોર્ટ વધુ કેટલાક દિશા નિર્દેશો જારી કરી શકે છે. તેવું મનાઈ રહ્યું છે.

## બળાત્કારીને ૧૦ દિવસમાં સજાએ મોતની જોગવાઈ કરતું બીલ મમતા સરકાર વિધાનસભામાં રજુ કરશે : વિશેષ સત્ર બોલાવાયું : ભાજપ સમર્થન આપશે

કોલકતા, તા.૨:

કોલકાતાની આરજી કાર હોસ્પિટલના ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના કિસ્સાથી સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો છે. આવી જઘન્ય ઘટનાઓને રોકવા માટે કડક કાયદો બનાવવાની માંગ ઉઠી છે. દરમિયાનબંગાળ સરકારે આજથી વિધાનસભાનું બે દિવસનું વિશેષ સત્ર બોલાવ્યું છે, જેમાં બળાત્કારના દોષિતોને ફાંસીની સજા આપવાનું બિલ રજૂ કરવામાં આવશે અને તેને પસાર પણ કરવામાં આવશે.આ વિશેષ સત્ર દરમિયાન, એક બિલ રજૂ કરવામાં આવશે જેમાં બળાત્કારના દોષિતોને ૧૦ દિવસની અંદર મૃત્યુદંડની સજા સુનિશ્ચિત કરવાનો પ્રસ્તાવ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આજથી વિશેષ સત્ર શરૂ થશે અને મંગળવારે પ્રસ્તાવિત બિલ રજૂ કરવામાં આવે તેવી શકયતા છે. મુખ્ય વિરોધ પક્ષ ભાજપ પણ વિધાનસભામાં મમતા બેનર્જીના આ પગલાનું સમર્થન કરશે.

ભારતીય જનતા પાર્ટીએ કહ્યું કે ભાજપના ધારાસભ્યો બળાત્કાર વિરુદ્ધ મમતા સરકાર દ્વારા લાવવામાં આવેલા બિલનું સમર્થન કરશે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સુકાંત મજુમદારે રવિવારે કહ્યું હતું કે રાજ્ય વિધાનસભામાં મમતા બેનર્જી દ્વારા લાવવામાં આવેલા બિલને બીજેપીના બિલ સમર્થન આપશે. એટલું જ નહીં, તેમણે એમ પણ કહ્યું કે તેઓ મમતા બેનર્જીના રાજીનામાની માંગ સાથે વિધાનસભાની અંદર વિરોધ પ્રદર્શન કરશે.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તેમની પાર્ટીની વિદ્યાર્થી પાંખના સ્થાપના દિવસ પર કહ્યું હતું કે અમે ૧૦ દિવસની અંદર બળાત્કાર અને હત્યાના કેસમાં દોષિતોને ફાંસીની સજા આપવાનું બિલ રજૂ કરીશું. અમે તેને રાજયપાલને મોકલીશું અને જો તેઓ બિલ પાસ નહીં કરે તો અમે રાજભવનની બહાર અચોક્કસ મુદતના વિરોધ પર બેસીશું. આ બિલ પાસ થવું જોઈએ. રાજયપાલ આ વખતે જવાબદારીમાંથી છટકી શકે તેમ નથી. શા માટે બળાત્કારીઓને ફાંસી ન આપવી જોઈએ ?

## ઓગષ્ટ માસમાં સરકારની તિજોરી છલકાઈ જીએસટી કલેકશન રૂા.૧.૭૪ લાખ કરોડ નોંધાયું




નવી દિલ્હી તા.૨:

દેશમાં જીએસટીનું ઑગસ્ટ મહિનાનું કુલ કલેક્શન ૧૦ ટકા જેટલું વધીને રૂ. ૧.૭૫ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે, એમ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે.

ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) મહેસુલી આવક ગયા વર્ષના ઑગસ્ટ મહિનામાં રૂ. ૧.૫૯ લાખ કરોડ હતી, જ્યારે જુલાઈમાં જીએસટીથી રૂ. ૧.૮૨ લાખ કરોડની આવક નોંધાઈ છે. ઑગસ્ટ ૨૦૨૪માં ડોમેસ્ટિક મહેસુલી આવકમાં ૯.૨ ટકાનો વધારો થયો હતો અને તે હવે રૂ. ૧.૨૫ લાખ કરોડ પર પહોંચી હતી. જીએસટીની ઈમ્પોર્ટસ પરની કુલ મહેસુલી આવકમાં ૧૨.૫ ટકાનો વધારો થયો હતો અને તે રૂ. ૪૯,૯૭૬ કરોડ પર પહોંચી ગઈ હતી.

આ મહિના દરમિયાન રૂ. ૨૪,૪૬૦ કરોડના રિફન્ડ આપવામાં આવ્યા હતા અને તેમાં એક વર્ષ પહેલાંના સમય કરતાં ૩૮ ટકાનો વધારો નોંધાયો હતો. રિફંડને બાદ કર્યા બાદ જીએસટીની મહેસુલી આવકમાં ૬.૫ ટકાનો વધારો નોંધાયો છે અને તે રૂ. ૧.૫૦ લાખ કરોડ રહી છે.

જો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીના જીએસટી કલેક્શનના આંકડાઓ પર નજર કરીએ તો એપ્રિલ પછીનો આ ત્રીજો સૌથી મોટો આંકડો છે.

## ગુજરાતમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં સતત વધારો : ૨૦૨૨માં ૧૬૫૪૯ લોકોએ જીવ ગુમાવ્યો

### ગુજરાતમાં ટુ વ્હિલર પર મુસાફરી કરતા લોકોના વાહન અકસ્માતમાં વધુ મોત થાય છે

ગાંધીનગર,તા.૨:

દેશમાં અકસ્માતની ઘટનાઓ સતત વધી રહી હોવાને કારણે સરકારી તંત્ર તેમજ પોલીસ દ્વારા તેણે નિયંત્રણમાં લાવવા માટે સતત પ્રયાસ થઈ રહ્યા છે. ગુજરાતમાં પણ રોડ અકસ્માતની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. રાજયમાં ૨૦૨૨માં ૧૬૫૪૯ લોકોએ જીવ ગૂમાવ્યો હતો.

રાજયમાં થઈ રહેલા અકસ્માતમાં ૪૫ ટકા મોત તો ટુવ્હીલર પર મુસાફરી કરતા વાહન ચાલકોના થયા છે. મોડી રાત્રે અકસ્માત વધુ થતા હોવાની માન્યતાને પણ ખોટી પાડતા આંકડા સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યૂરોના રીપોર્ટમાં છે. જે મુજબ સવારે ૯ થી રાત્રીના ૯ દરમિયાન થતા અકસ્માતની ટકાવારી ૬૫ ટકા છે. આમ મોડી રાત્રી, મધરાત્રી કે વહેલી પરોઢે થતા અકસ્માતની સંખ્યા ઓછી છે. પગપાળા પસાર થતા ૧૩૬૫ લોકોએ જીવ ગૂમાવ્યો તેમજ ઓવર સ્પીડને કારણે ૬૫૫૬ લોકોના મોત થયાની વિગતો છે. આમ, ઓવર સ્પીડ અકસ્માતનું મુખ્ય કારણ હોવાનું ૭૫ લોકોના મોત થયાનો ઘટસ્ફોટ થતા તેની પર એક્શન લેવા જરૂરી હોવા છતાં પણ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી ન થતી હોવાનું જોવા મળી રહ્યું છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યૂરોના રિપોર્ટ મુજબ રાજયમાં ૨૦૨૧માં ૧૫૭૭૧ ઘટના અકસ્માતની બની જેમાં ૧૫૨૦૦ રોડ અકસ્માત તેમજ ૫૭૧ રેલ અકસ્માતના બનાવો હતા. આ આંકડો ૨૦૨૨માં વધીને ૧૬૫૪૯ થયો જેમાં રોડ અકસ્માતના ૧૫૭૭૭ બનાવો જેમાં ૭૬૩૪ લોકોનો મોત થયા તેમજ રેલ અકસ્માતના ૭૭૨ બનાવોમાં ૭૮૩ લોકોના મોત થયા જેમાં ૬ મોતના બનાવો રેલ્વે ક્રોસીંગ પર બન્યા છે. અકસ્માતની ઘટના પાછળના કારણો જોવા જોઈએ તો ઓવર સ્પીડમાં વાહન ચલાવવાના કારણે ૬૫૫૬ લોકો નશો કરીને વાહન ચલાવવાના કારણે ૨૧ અને ખરાબ હવામાનને કારણે અકસ્માતમાં ૩૫૨ લોકોએ જીવ ગૂમાવ્યો છે.

## વયોવૃધ્ધ માતાની સેવા નહીં કરતા દિકરા-વહુને દિલ્હી હાઈકોર્ટે કહ્યું "નીકળો ઘરની બહાર !"

નવી દિલ્હી,તા. ૨:

માબાપની સેવા કરવાથી સ્વર્ગ મળે છે પરંતુ સેવા ન કરો તો શું મળે ? જેની દિલ્હીના પરિવારને હાઈ કોર્ટે ખબર પાડી દીધી છે. દીકરો-વહુ સુખેથી રાખતાં નહોતાં, ત્રાસ આપતાં અને દુર્વ્યવહાર કરતાં હોવાની ફરિયાદ લઈને ૮૦ વર્ષનાં વૃદ્ધા દિલ્હીની હાઈકોર્ટમાં પહોંચ્યાં હતાં. 'માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમો'ની જોગવાઈઓ ટાંકીને વૃદ્ધાએ કોર્ટને કહ્યું કે મકાનનાં તેઓ એકમાત્ર અને નોંધાયેલાં માલિક છે. પુત્ર અને પુત્રવધૂએ માતા કે પિતાની સંભાળ લીધી નથી. વૃદ્ધાએ એવું પણ કહ્યું કે તેમના પુત્ર અને પુત્રવધૂ વચ્ચેના ખટરાગને કારણે સતત અસુવિધા અને તાણ રહે છે અને એ સ્થિતિ 'ધીમા મૃત્યુ'જેવી છે. ન્યાયમૂર્તિ સંજીવ નરુલાએ આ ચુકાદો આપ્યો હતો. કોર્ટે વૃદ્ધાનાં પુત્ર-પુત્રવધૂ અને પૌત્રોને ઘર ખાલી કરવાનો નિર્દેશ કર્યો છે. કોર્ટે આ નિર્દેશ કરતાં કહ્યું કે પુત્રવધૂને રહેવાનો કોઈ અનિવાર્ય અધિકાર નથી અને આ અધિકાર વિશે વરિષ્ઠ નાગરિક અધિનિયમ હેઠળ વરિષ્ઠ નાગરિકોને મળેલા રક્ષણ સાથે વિચાર કરવો જોઈએ અને એ વિચાર સિનિયર સિટિઝનને દુઃખ પહોંચાડનારા સભ્યોને બેદખલ કરવાની મંજૂરી આપે છે.


સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે

જૂનાગઢ

મો. ૯૩૭૬૬૦ ૫૫૬૨

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

● હરક્યુલિસ સાયકલ
● હીરો સાયકલ
● બીએસએ સાયકલ
● વિકટર ૯૧ સાયકલ
● હિલી સાયકલ
● કોરાડો સાયકલ
● બ્રિટીશ ઈગલ સાયકલ
● ફન રાઈડ ટ્રાસીકલ
● દાસ સાયકલ


તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

હાર્દિક શુભેચ્છા...

જૂનાગઢ બાયપાસ રોડ ઉપર
ઓપન રેસીડેન્સીયલ પ્લોટ્સ
આધુનિક સુવિધાઓ સાથે

વ્યાજબી ભાવ
સરળ હપ્તા
ઓછી કિંમતમાં ઘણું બધું, તો આજે જ બુક કરાવો



: સાઈટ :
જૂનાગઢ બાયપાસ રોડ,
એકલવ્ય ગ્લોબલ સ્કુલ સામે,
સરગવાડા ચોકડી, જૂનાગઢ

બુકીંગ : ૯૮૨૫૩ ૩૩૩૭૦
૯૯૧૩૩ ૯૫૨૦૦

The Dream City

: ડેવલોપર્સ :
મધુરમ કન્સ્ટ્રકશન કું.
૪થો માળ, ધી ગાર્ડન આઈકોન,
ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે સોમવતી અને ભાદરવી અમાસ નિમિત્તે મોક્ષ પીપળે પાણી રેડવા માનવ મહેરામણ છલકાયો






(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે આજે સોમવતી અને ભાદરવી અમાસ દિવસે મોક્ષ પીપળે પાણી રેડવા, પૂજા અર્ચના, સરસ્વતી નદીમાં સ્નાન કરવા મધરાત્રીથી જ પિતૃઓ નો પ્રારંભ થયો હતો. આ વર્ષે શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવતી અમાસના દિવસે ત્રિવેણી સંગમ રચાય છે. આ દિવસે શિવ પૂજા અને દેવ ઉપાસના માટે ઉત્તમ દિવસ ગણાય છે. સાથે સાથે પિતૃઓને પીપળે પાણી રેડવાનું અનેરૂ મહત્વ હોય છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે શ્રાવણ માસનો છેલ્લો દિવસ એટલે કે સોમવતી અને ભાદરવી અમાસ નિમિત્તે મોક્ષ પીપળે પાણી રેડવા માનવ મહેરામણ ઉમટયો અને મધરાત્રિથી જ પિતૃ નો

**મધરાત્રીથી જ પિતૃનો થયો પ્રારંભ : મોક્ષ પીપળે પાણી રેડવા, સરસ્વતી નદીમાં સ્નાન કરવા ભારે**

પ્રારંભ થયો હતો. જેમ જેમ રાત વીતતા જ તેમ તેમ શ્રદ્ધાળુ આવા માંડયા હતા. સૌપ્રથમ પૂર્વ વાહીની સરસ્વતી નદીમાં સ્નાન કરી મોક્ષ પીપળે ઓમ સર્વે પિતૃભયોનમઃ બોલી પિતૃઓના આત્માને શાંતિ માટે પોત પોતાના પિતૃઓનું નામ લઈને મોક્ષ પીપળે પાણી રેડી પિતૃઓને આત્માને શાંતિ માટે ૧૦૮ પ્રદિક્ષણા ફરીને પુણ્યનું ભાથું બાંધે છે. સોમવતી અમાસ હોવાથી તીર્થ સ્થાનનું પણ અનેરૂ મહત્વ હોય છે. આથી આ દિવસે શ્રાધ પણ કરાય છે આ દિવસે દાનનું પણ અનેરૂ મહત્વ રહ્યુંછે. જેનું અનેક ઘણું ફળ મળે છે. આ દિવસે મહાદેવને દૂધ કાળા તલ અને સાકર મિકસ કરીને ચડાવવાથી ગ્રહ પીડા દૂર થાય છે. પિતૃદોષ નિવારણ માટે ઉત્તમ દિવસ ગણાય છે સોમવતી અમાસના પાવન દિવસે અહીં સરસ્વતી ઘાટ ઉપર માનવ કીડીયાળુ ઉમટી પડે છે. જેમાં સૌરાષ્ટ્ર ભરમાંથી અમાસના દિવસે યાત્રાળુઓ મોટી સંખ્યામાં અહીં પ્રાચી તીર્થની પૂર્વ વાહિની સરસ્વતી નદીના કુંડમાં સ્નાન કરી મોક્ષ પીપળે પાણી રેડી પોતાના પિતૃઓના મોક્ષ માટે પાણી રેડી યથાશક્તિ દાન-દક્ષિણા બ્રાહ્મણોના આપી સરસ્વતી નદીના કાઠે બિરાજતા શ્રી માધવરાયજી પ્રભુ ના દર્શન કરી સરસ્વતી નદીના તટ ઉપર બિરાજતા છ શિવ મંદિરોમાં પણ પોતાની શ્રદ્ધાપૂર્વક પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી પુણ્યનું ભાથું બાંધે છે. લોકમેળામાં ભારે માત્રામાં સ્વયંભૂ યાત્રાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ભાવ ભક્તિ કરતા ભજનના ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી પોતાની ધન્યતા અનુભવે છે. ભારતભરમાંથી આ લોકમેળામાં સોમવતી અમાસના દિવસે સો વાર કાશી એક વાર પ્રાચી હજારો યાત્રાળુઓ આવતા હોય છે ઠેરઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે અને રોડ ઉપર ટ્રાફિક જામ જોવા મળે છે. જેમાં સુત્રાપાડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ તથા તેમના સ્ટાફ દ્વારા સુરક્ષાને લઈને સુંદર વ્યવસ્થા ગોઠવી સુંદર કામગીરી કરવામાં આવી હતી. આજે અહીં આશરે એક લાખથી વધુ ભાવિકોએ સરસ્વતી નદીમાં સ્નાન કરીને મોક્ષ પીપળે પાણી રેડી પુણ્યનું ભાથું બાંધ્યું હતું. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# જૂનાગઢ એસ.ટી. વિભાગ હેઠળના વિભાગીય યંત્રાલયોમાં એપ્રેન્ટીસની ભરતી



જૂનાગઢ,તા.૨


ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, જૂનાગઢ વિભાગ ખાતે એપ્રેન્ટીસની મંજૂરી સામે જૂનાગઢ વિભાગ હેઠળના વિભાગીય યંત્રાલય, જૂનાગઢ, પોરબંદર, વેરાવળ, ઉપલેટા, કેશોદ, ધોરાજી, માંગરોળ, બાંટવા તથા જેતપુર ડેપો ખાતે એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ અન્વયે ઓકટો-૨૦૨૪ના ભરતી સત્ર માટે એપ્રેન્ટીસની ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મીકેનીક સાઈડે ધોરણ ૧૦ પાસ ફરજિયાત તથા આઈ. ટી. આઈ.ના ડીઝલ મીકેનીક/વેલ્ડર/વાયરમેન/આર્મેચર મોટર રીવાઈડીંગ/એમ.એમ.વી./ઈલેકટ્રીશયન/કોપા ટ્રેડમાં પાસ ઉમેદવારોની એપ્રેન્ટીસ તરીકે ભરતી કરવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારની ઉંમર જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખના રોજ ૧૮ થી ૩૩ વર્ષ હોવી ફરજિયાત છે.

ઉમેદવારોએ તા.૦૨/૦૯/૨૦૨૪ થી તા.૧૨/૦૯/૨૦૨૪ સુધીમાં કચેરીનાં ચાલુ કામકાજના દિવસો દરમિયાન અરજીપત્રક વિભાગીય કચેરી, મોતીબાગ પાસે, એસ.ટી. જૂનાગઢ ખાતેથી રૂબરૂમાં ફકત રૂા. ૫/-ની કિંમતે સમય ૧૧-૦૦ થી ૧૪-૦૦ વાગ્યા સુધીમાં મેળવી લેવાના રહેશે. આ અરજીપત્રકો તા.૧૨/૦૯/૨૦૨૪નાં રોજ ૧૪-૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે, ત્યારબાદ અરજીપત્રકો સ્વીકારવામાં આવશે નહીં.

વધુમાં આ ભરતીમાં અરજી કરનાર ઈચ્છુક ઉમેદવારોએ દર્શાવેલ વેબસાઈટ https://www.apprenticeshipindia.gov.in પર ઓનલાઈન રજિસ્ટ્રેશન (જેમાં સ્કૂલ લીવીંગ પ્રમાણપત્ર, ૧૦ પાસ કર્યાની માર્કશીટ તથા આઈ.ટી.આઈનાં ટ્રેડમાં પાસ થયાની માર્કશીટ, આધારકાર્ડ, પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે) ફરજિયાત કરવાનું રહેશે. જે ઉમેદવારો દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં આવેલ નહીં હોય તેવા ઉમેદવારોના ફોર્મ રદ/કમી પાત્ર ગણાશે. આ માટે વધુ માહિતી મેળવવા વિભાગીય નિયામકશ્રીની કચેરી, એસ.ટી. જૂનાગઢ ખાતે રૂબરૂ સંપર્ક સાધવો, તેમ વિભાગીય નિયામકશ્રી, એસ.ટી, જૂનાગઢ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢ જન્માષ્ટમી શહેર ફલોટ સુશોભન સ્પર્ધામાં હાટકેશ યુવક મંડળ પ્રથમ સ્થાને

**હરિ ઓમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શીલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા**




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જન્માષ્ટમી પર્વ અંતર્ગત શહેર ફલોટ સુશોભન સ્પર્ધામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હાટકેશ યુવક મંડળે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવાનો સિલસિલો યથાવત રાખ્યો છે. હરિઓમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૧ સપ્ટેમ્બરે યોજાયેલ ઈનામી વિતરણ સમારોહમાં હાટકેશ યુવક મંડળને શહેર ફલોટ સુશોભન અન્વયે પ્રથમ ક્રમાંક જાહેર કરી શિલ્ડ, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે હાટકેશ યુવક મંડળ દ્વારા સાતમ અને આઠમ બે દિવસ દરમ્યાન કૃષ્ણ લીલાની ઝાંખી દર્શાવતો ભવ્ય ફ્લોટ બનાવવામાં આવ્યો હતો. યુવક મંડળના સભ્યો દ્વારા મુચકુન્દ ગુફા બનાવવામાં આવી હતી. જેમાં કાલ યવન વધ ફલોટ દર્શાવવામાં આવ્યો હતો. ઉપરાંત હાટકેશ્વર મહાદેવ મંદિર પરિસર પાસે બાળ કૃષ્ણના દર્શન કરવા યોગી સ્વરૂપે પધારેલ મહાદેવના નગરમે જોગી આયા અંતર્ગત ભવ્ય ઝુંપડી, નાગ દમન તથા ૧૦ હજારથી વધુ ગુલ્ફીની સ્ટીકની તથા રંગબેરંગી છોલની રંગોળી અને અધ્યતન રોશનીનો શણગાર કરવામાં આવ્યો હતો. બે દિવસ દરમ્યાન મોટી સંખ્યામાં લોકોએ ફલોટ નિહાળ્યો હતો અને હાટકેશ યુવક મંડળની કામગીરીને લોકોએ બિરદાવી હતી.

# જૂનાગઢ જિલ્લામાં મકાન,ઔદ્યોગિક એકમ, ઓફિસ, દુકાન, ગોડાઉન જાણ કર્યા સિવાય કોઈને ભાડે આપી શકાશે નહીં

**ભાડે આપેલ મકાન કે અન્ય એકમની વિગત, ભાડુઆતની ઓળખાણ પોલીસ સ્ટેશનમાં રજૂ કરવી ફરજિયાત : જાહેર સલામતી અને સુરક્ષા તકેદારીઓને ધ્યાનમાં રાખી જાહેરનામું બહાર પડાયું**




જૂનાગઢ,તા. ૨

જૂનાગઢ જિલ્લામાં કોઈ પણ મકાન, ઔદ્યોગિક એકમ, ઓફિસ, દુકાન, ગોડાઉન, કોલ્ડસ્ટોરેજના માલિક સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જાણ કર્યા સિવાય કોઈને મકાન ભાડે આપે શકાશે નહીં એ માટેનું જૂનાગઢ જિલ્લા અધિક કલેકટરશ્રી દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે

જૂનાગઢ જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ સ્થાનીકે ભાડેથી મકાન કે અન્ય એકમ લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીની પગલા આવશ્યક જણાય છે. જે અન્વયે જૂનાગઢ જિલ્લા અધિક કલેકટર શ્રી એન.એફ.ચૌધરી દ્વારા તેમને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામાં મુજબ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન,ઔદ્યોગિક એકમ, ઓફિસ, દુકાન, ગોડાઉન, કોલ્ડસ્ટોરેજ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડેથી આપી શકશે નહીં. ભાડે આપેલ મકાન કે અન્ય એકમની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની આળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નજીકના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

આ જાહેરનામાનો તાત્કાલિક અસરથી તા.૧૬/૧૦/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

## ખામધ્રોળ ચોકડી નજીક કાર ચાલકે બાઈકને હડફેટે લેતા એકનું મોત

જૂનાગઢ તા. ૨ : જૂનાગઢ તાલુકા પોલીસ મથકે ઈલેશભાઈ ગોકળભાઈ પાઘડારે અલ્ટો કાર નં.જીજે-૧૧-એએસ-૪૦૬૪ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલા વાળી કાર પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરીયાદીના દિકરા બંસીલ (ઉ.વ.૨૫)ના બાઈક નં.જીજે-૧૧-એકયુ-૧૨૫૬ને હડફેટે લઈ બંસીલને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જિલ્લામાં ડોર ટુ ડોર હેલ્થ સર્વે ૫.૩૧ લાખ લોકોને આવરી લેવાયા

**છેલ્લા પાંચ દિવસમાં ૪૭૬ મેડિકલ કેમ્પ દ્વારા ૮૨૭૮ દર્દીને જરૂરી સારવાર અપાઈ : મચ્છરનો ઉપદ્રવ ન થાય તે માટે આરોગ્ય કર્મીઓ દ્વારા ગામેગામ કરાતી પોરાનાશકની કામગીરી**



જૂનાગઢ,તા.૨

જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદથી લોકોનું આરોગ્ય ન જોખમાય અને રોગચાળો ન વકરે તે માટે જિલ્લા વહીવટી તંત્ર સતર્કતા સાથે કામ કરી રહ્યું છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ગામે ગામ ડોર ટુ ડોર હેલ્થ સર્વે કરવામાં આવી રહ્યો છે. જેમાં છેલ્લા પાંચ દિવસમાં જિલ્લાના ૫.૩૧ લાખ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ઉપરાંત ૪૭૬ મેડિકલ કેમ્પ દ્વારા ૮૨૭૮ દર્દીને જરૂરી સારવાર આપવામાં આવી છે. આરોગ્ય કર્મીઓ ગામે ગામ જઈ, ડોર ટુ ડોર સર્વે કરવામાં આવી રહ્યો છે સર્વે દરમિયાન તાવ ઝાડા ઉલટી શરદી ખાંસી વગેરેના સામે આવતા દર્દીઓને જરૂરી દવાઓ અને સારવાર આપવામાં આવે છે. તેમજ જરૂર જણાયે નજીકના સરકારી દવાખાનામાં દર્દીઓને રિફર કરવામાં આવે છે. આ દોટ ડોર સર્વે દરમિયાન આરોગ્ય લક્ષી જનજાગૃતિની પણ કામગીરી કરવામાં આવી રહી છે, લોકોને સ્વચ્છ અને ક્લોરીનયુક્ત પાણી પીવા, ઝાડા ઉલટીના કેસમાં ઓઆરએસનો ઉપયોગ કરવા તથા વાસી અને બહારનો દૂષિત ખોરાક ન ખાવા સહિતની જરૂરી જાણકારીઓ આપવામાં આવી રહી છે. ઉપરાંત મચ્છર નો ઉપદ્રવ ના વધે તે માટે આરોગ્ય કર્મીઓ દ્વારા પરા નાશક ની કામગીરી પણ કરવામાં આવી રહી છે.

# જૂનાગઢ જિલ્લામાં સરકારી કચેરીઓના વિસ્તારમાં ઉપવાસ/ધરણા સુત્રોચ્ચાર કરવા પર પ્રતિબંધ

જૂનાગઢ,તા.૨

જૂનાગઢ જિલ્લાની સરકારી કચેરીઓના વિસ્તારમાં કોઈ અનીચ્છનીય બનાવ ન બને તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે હેતુસર જૂનાગઢ જિલ્લા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એન. એફ.ચૌધરી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા મુજબ સમગ્ર જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓના વિસ્તારમાં કોઈએ ઉપવાસ ધરણાં પર બેસવું નહીં. જાહેર સુલેહ શાંતિ જોખમાય તે રીતે સૂત્રોચ્ચાર કરવા નહીં. કોઈ પણ વ્યક્તિએ લાઠી અગર ઈજા થાય તેવાં હથિયાર સાથે પ્રવેશ કરવો નહીં. કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થો રાખવાની નહીં, ચાર કે તેથી વધુ માણસો એ ભેગા થવું નહીં કે અતિક્રમણ કરવું નહીં સરકારી કચેરી આસપાસ કે સરકારી કચેરીના પરિસરમાં ગંદકી કચરો કરવો નહીં તે મતલબનું મનાઈ ફરમાવતું એક જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એ તેમને મળેલી સત્તાની રૂએ જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે આ જાહેરનામું તાત્કાલીક અસરથી તા. ૧૨/૧૦/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

# સોમનાથ મંદિર સુરક્ષા પોલીસે માતા-પિતાથી વિખુટા પડેલા છ માસના બાળકને પરિવાર સાથે મીલન કરાવ્યું



(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર શનિ-રવિની રજા અને પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારને અનુલક્ષી દર્શનાર્થીઓ ભારે ભીડ હતી. દરમ્યાન ગઈકાલે સોમનાથ મંદિર ખાતે દર્શને આવેલા રાજકોટના વતની સવીતાબેન પોતાના છ મહિનાનું બાળક પોતાના પરીવારના જ સભ્યને સોંપીને દર્શન માટે અંદર ગયેલા ત્યારે બાળક રડતું હોય જેથી ઘરના સભ્ય બાળકને તે સ્થળ જ મુકી તેના મમ્મીને શોધવા માટે મંદિરમાં અંદર ગયા હતા આવી સ્થિતીમાં સોમનાથ મંદિર સુરક્ષાના પોલીસ કર્મચારી કિરણબહેન વાળાનું ધ્યાન આ એકલા પડેલા બાળક ઉપર ગયું હતું અને તેઓએ તુરત જ તે બાળકને લઈ મંદિરની અંદર બે કલાક સુધી તેમના પરિવારની તપાસ કરી હતી અને તેનો પરિવાર મળી આવતા બાળકની ખરાઈ કરી અને પરત સોંપી આપેલ છે.

આમ, સોમનાથ મંદિર સુરક્ષા પોલીસે મે આઈ હેલ્પ યુ સુત્ર સાર્થક કરી સમગ્ર સોમનાથ પોલીસ વિભાગ અને ગુજરાત પોલીસનું ગૌરવ વધારેલ છે.

# સોમનાથ મંદિરે આવવા-જવાના રસ્તા ઉપર ફરી પેશકદમી શરૂ



(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર જતા આવતા રસ્તે વાહનો દર્શનાર્થીઓ સરળતાથી જઈ શકે તે માટે જીલ્લા કલેકટર દ્વારા વ્યાપક દબાણો દુર કરાયા છતાં સોમનાથ લુહારવંડીથી પઠાણવાડા થઈ મુખ્ય માર્ગને જોડતા રસ્તાની બાજુમાં આ અગાઉ જીલ્લા કલેકટરે દુર કરેલ દબાણના સ્થળે જ ખાલી નાળીયરની ગુણો, ભાંગેલા ટેબલો અને ગુણોના ખડકલાઓ કરી રાહદારીઓને તથા વાહનના નિકાસને અડચણરૂપ દબાણ ત્રણ રસ્તાની ત્રિભેટે થવા પામ્યું છે.

# ઉપલા દાતાર ખાતે આવેલ મસ્જીદનું રીનોવેશન કરવા માંગણી



જૂનાગઢ તા. ૨

જૂનાગઢ શહેરમાં સામાજીક સેવાનું કાર્ય કરતી ખલ્કે ઈલાહી ન્યાય પરીષદનાં અધ્યક્ષ મો. યુસુફભાઈ મલેકે જીલ્લા કલેકટરશ્રીને પત્ર પાઠવી એવી રજુઆત કરી છે કે જમયલશા દાતાર દરગાહ ટ્રસ્ટનાં કલેકટરશ્રી હોદાની રૂએ ચેરમેન છે ત્યારે જૂનાગઢ શહેરમાં ઉપલા દાતાર ખાતે ઐતિહાસીક મસ્જીદ આવેલ છે તેનું સમારકામ કરવામાં આવે. આગામી ટુંક સમયમાં દાતારનાં ઉર્ષની ઉજવણી થનાર છે ત્યારે શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપલા દાતાર ખાતે જતા હોય છે ત્યારે કોમી એકતાનાં પ્રતિક એવા ઉપલા દાતાર ખાતે ઉર્ષનાં તહેવારને ધ્યાને લઈ આવેલ મસ્જીદનું રીનોવેશન કરવા કલેકટરશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

**જાહેર નિવિદા નં. ૦૪ સને ૨૦૨૪-૨૫**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, વિદ્યુત મા. અને મ. પેટા વિભાગ, આઝાદ ચોક, જુનાગઢ-૩૬૨૦૦૧ ફોન નં. ૦૨૮૫ ૨૯૯૦૪૩૬ દ્વારા અંદાજીત કીમત ૪૬,૬૪૮=૮૭ થી ૮૨,૫૭૩=૫૬ સુધીના કુલ ૫ (પાંચ) કામ માટે ટેન્ડર, નોંધાયેલા છ-૨ અને ઉપરના વર્ગના વિદ્યુત ઈજારદારો પાસેથી સીલબંધ ટેંડર રજી. પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટથી માંગવામાં આવે છે. ટેંડર આપવાની છેલ્લી તા. ૦૬/૦૯/૨૦૨૪ સમય ૧૬:૦૦ કલાક સુધી આપવામાં આવશે, જ્યારે ભાવો ભરેલા સીલબંધ ટેંડર પરત લેવાની છેલ્લી તા. ૧૩/૦૯/૨૦૨૪ સમય ૧૬:૦૦ કલાક સુધી સ્વિકારવામાં આવશે. આ કામોની વિગતવાર નોટીસ, નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/જુના/જા.ખ./૩૭૨/૨૪

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

### તંત્રી લેખ

## આત્મશુદ્ધિનું પર્વ ચાતુર્માસ

ચાતુર્માસ આત્મશુદ્ધિનું પર્વ અને સંસ્કાર શુદ્ધિનો સુઅવસર છે. ચાતુર્માસ શબ્દ ચોમાસાના ચાર મહિના માટે વપરાયો છે. જૈન ધર્મશાસ્ત્રોમાં તેને વર્ષાવાસ કહેવાયો છે. વસ્તુતઃ ચાતુર્માસમાં બહિર્યાત્રા બંધ અને અંતર્યાત્રા શરૂ થાય છે. સનાતન સંસ્કૃતિ અને જૈન ધર્મમાં ચાતુર્માસમાં આહાર શુદ્ધિ અને એકાંત તપશ્ચર્યાનું વિશેષ મહત્ત્વ માનવામાં આવ્યું છે. હિંદુ વાર્ષિક પંચાંગ અનુસાર ચાતુર્માસ અષાઢ માસની દેવશયની એકાદશીથી શરૂ થાય છે અને તેનું સમાપન કાર્તિક માસની પ્રબોધિની એકાદશીથી થાય છે. ઉલ્લેખનીય છે કે વર્ષાયોગ દરમ્યાન પર્યાવરણ, ભોજન અને જળ વગેરેમાં હાનિકારક બેક્ટીરિયાની સંખ્યા સ્વાભાવિક રૂપે વધી જાય છે, તો બીજી તરફ આપણો જઠરાગ્દ્ધિ મંદ પડી જાય છે, તેથી ધાર્મિક અનુષ્ઠાન અને આધ્યાત્મિક પ્રયોજનની સાથે સાથે ચાતુર્માસમાં શરીરને સ્વસ્થ રાખવા માટે શુદ્ધ-સાત્વિક ભોજન કરવું અત્યંત લાભકારી છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ સગુણ ભક્તિયોગની મહત્તા અને વ્રત-ઉપવાસ તપશ્ચર્યાનો વિસ્તારથી વર્ણન કર્યું છે. યોગેશ્વર ભક્તિયોગનું બહુ સુંદર વર્ણન કરતાં કહે છે કે જ્ઞાન વ્યક્તિમાં ‘હુંપણું’ એટલે કે કર્તાનો ભાવ ભરે છે, જ્યારે સગુણ પ્રેમાભક્તિ મનુષ્યને શ્રદ્ધા, આસ્થા અને સમર્પણથી ભરીને ‘હું કરાં છું’ એવા ભાવથી મુક્તિ પ્રદાન કરે છે. જ્ઞાનીના અંતઃકરણમાં ગંગાનો પ્રવાહ હંમેશાં એક સુનિશ્ચિત દિશામાં પ્રવાહિત થાય છે, જ્યારે ભક્તની અંદર ગંગાસાગરની ભરતી-ઓટ ચાલતી રહે છે.

અસલમાં વ્રત-ઉપવાસ અને એકનિષ્ઠ થઈને મૌન સાધનામાં લીન રહેતાં પરમાત્મા રૂપી ગંતવ્યને હાંસલ કરવું જ ચતુર્માસનો પરમ ઉદ્દેશ્ય છે. અસલમાં વ્રત-ઉપવાસ મનની ચંચળતાને સાધતાં આત્મનિષ્ઠ થવાની વૈજ્ઞાનિક પદ્ધતિ છે. મનની ચંચળતા ક્ષીણ થતાં જ સાધકને પરમાત્માનો પ્રકાશ દેખાવા લાગે છે. છાંદોગ્ય ઉપનિષદમાં મનના નિર્માણની પ્રક્રિયાને વિધિપૂર્વક સમજાવતાં કહેવાયું છે કે મનુષ્યએ ખાધેલ અન્ન ત્રણ ભાગમાં વહેંચાઈ જાયછે. અન્નના સ્થૂળ ભાગથી અપશિષ્ટ બનીને દેહથી વિસર્જન થઈ જાય છે, અન્નનો મધ્ય ભાગ રક્ત અને માંસ-મજ્જા બની જાય છે અને સૂ-મ ભાગથી મનનું નિર્માણ થાય છે. એટલે જ કહેવાયું છે - જેવું અન્ન તેવું મન.તેથી ચાતુર્માસના ચાર મહિનામાં વ્રત-ઉપવાસ અને સાત્વિક-અલ્પાહાર લેતાં ધ્યાન-સાધના કરવાથી વ્યક્તિ જિતેન્દ્રીય અને પરમાત્માની નજીક વાસ કરવા યોગ્ય બની જાય છે.

### કેન્દ્રિય મહિલા-બાળ કલ્યાણ મંત્રીની પ્રેરક ઉપસ્થિતિ

# ૭મા ‘રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૪’નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ







## માતા અને બાળ સ્વાસ્થ્ય સાથે જોડાયેલી આખી ઈકોસિસ્ટમમાં બદલાવ માટે દેશમાં રાષ્ટ્રીય પોષણ મિશન નવતર અભિગમ બન્યું : સીએમ

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૭મા રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૪નો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ ગાંધીનગરથી કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે રાષ્ટ્રીય પોષણ અભિયાન માતા અને બાળ સ્વાસ્થ્ય સાથે જોડાયેલી આખી ઈકોસિસ્ટમમાં બદલાવનો નવતર અભિગમ બન્યું છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, ‘સહી પોષણ-દેશ રોશન’ના ધ્યેય સાથે માતા અને બાળકના સુપોષણ અને સ્વાસ્થ્ય તંદુરસ્તીથી વિકસિત ભારતજ૨૦૪૭નો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંકલ્પ સાકાર કરવામાં પોષણ માહ મહત્વપૂર્ણ બનશે.

દેશમાં સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને ૬ વર્ષની વય સુધીના બાળકોના પોષણની સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને કુપોષણ સામેના જંગ માટે વડાપ્રધાનશ્રીએ ૨૦૧૮માં રાષ્ટ્રીય પોષણ અભિયાનની શરૂઆત કરાવી હતી. દર વર્ષે સમગ્ર સપ્ટેમ્બર મહિનાને પોષણ માહ તરીકે ઉજવવાની આ પરંપરાની ૭મી શ્રેણીનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં કેન્દ્રિય મહિલા બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવીની પ્રેરક ઉપસ્થિતિમાં શુભારંભ કરાવ્યો હતો.

સાતમા તબક્કાના આ પોષણ માહની ઉજવણી દેશભરમાં એનિમિયા નિવારણ, ગ્રોથ મોનિટરિંગ, ટેક્નોલોજીના ઉપયોગથી સુશાસન અને પારદર્શિતા દ્વારા કાર્યક્ષમ સેવા વિતરણ, પોષણ ભી પઢાઈ ભી અને પૂરક આહારની થીમ સાથે થવાની છે.

મુખ્યમંત્રી અને કેન્દ્રિય મહિલા બાળ કલ્યાણ મંત્રીશ્રી તેમ જ ગુજરાતના મહિલા બાળ કલ્યાણ મંત્રી ભાનુબહેન બાબરિયાએ આ અવસરે પ્રતિકરૂપે ભૂલકાંઓને અન્નપ્રાશન ટીપાં પીવડાવવા સાથે, વ્હાલી દીકરી યોજનાના લાભાર્થીઓને લાભ વિતરણ, સગર્ભા અને ધાત્રી માતા તથા એડોલસન્ટ દીકરીને પોષણક્ષમ આહાર કીટ તેમ જ સ્વાવલંબન યોજનાના લાભાર્થી બહેનને સહાય ચેકનું વિતરણ કર્યું હતું. રાજ્ય સરકારની નવી નારી ગૌરવ નીતિ-૨૦૨૪નું લોન્ચિંગ પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, સૌના સાથ, સૌના વિકાસના મંત્રને રાષ્ટ્રહિત અભિયાનોમાં જનભાગીદારી જોડીને સાકાર કરવાની જે પ્રેરણા વડાપ્રધાનશ્રીએ આપી છે, તેના ફળસ્વરૂપે પોષણ માહ હવે કુપોષણ સામેની લડાઈનું જનઆંદોલન બની ગયું છે.

તેમણે ગુજરાતમાં માતાઓ, સગર્ભા બહેનો, એડોલસન્ટ દીકરીઓ અને બાળકોના પોષણ, આરોગ્ય અને શિક્ષણની બાબતમાં સંકલિત અભિગમ રાજ્ય સરકારે અપનાવ્યો છે, તેની વિશદ ભૂમિકા પણ આપી હતી.

મુખ્યમંત્રીએ આ અંગે જણાવ્યું કે, બાળકોનું અને ખાસ કરીને આદિજાતિ વિસ્તારોના બાળકોનું પોષણ સ્તર ઊંચું લાવવા દૂધ સંજીવની યોજનામાં અંદાજે ૧૩ લાખથી વધુ બાળકોને પાશ્ચ્યુરાઈઝ્ડ ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ મિલ્ક સરકાર આપે છે. એટલું જ નહીં, ટેક હોમ રાશન, પોષણ સુધા અને મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના દ્વારા વધારાનું પ્રોટિન તથા પૂરક પોષક આહાર પૂરો પાડવામાં આવે છે. આવી સર્વગ્રાહી પોષણ યોજનાઓના સકારાત્મક પરિણામો રાજ્યમાં જોવા મળ્યા છે અને અત્યાર સુધીમાં ૪૫ લાખ લાભાર્થીઓને યોજનાકીય લાભ મળ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ દેશની માતાઓ અને બાળકોના પોષણ સાથે ધરતી માતાના પર્યાવરણીય પોષણની કાળજી લઈને ‘એક પેડ મા કે નામ’ અભિયાન શરૂ કરાવ્યું છે.

ગુજરાતની બધી જ ૫૩ હજાર આંગણવાડીઓમાં આ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ, વૃક્ષઉછેર અને જતન તથા માવજતનો આયામ સરકારે અપનાવ્યો છે, તેનો પણ તેમણે ગૌરવસહ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીએ સૌને સહિયારા પુરુષાર્થથી આ સાતમા પોષણ માહને સિદ્ધિની નવી ઊંચાઈઓ પાર કરાવવા આહવાન કર્યું હતું.

રાષ્ટ્રીય પોષણ માહના પ્રારંભ પ્રસંગે કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું હતું કે, ભારતે આઝાદીના અમૃતકાળમાં પ્રવેશ કર્યો છે, ત્યારે વિકસિત ભારતની સિદ્ધિ માટે દેશને કુપોષણ મુક્ત બનાવવામાં પોષણ અભિયાન ખૂબ જ મહત્વનો ભાગ ભજવી રહ્યું છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ હંમેશાં મહિલાઓ તથા બાળકોના વિકાસ અને પોષણને પ્રાધાન્ય આપ્યું છે. તેમણે વડાપ્રધાનની મન કી બાતના આ વખતનાં સંસ્કરણનો ઉલ્લેખ કરતા કહ્યું કે વડાપ્રધાનશ્રીએ રાષ્ટ્રીય પોષણ માહ વિશે કહ્યું હતું કે, દેશનાં બાળકો અને મહિલાઓને યોગ્ય પોષણ આપવું એ દેશની પ્રાથમિકતા છે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, પોષણ અભિયાન અંતર્ગત છેલ્લા ૪ વર્ષમાં ૩.૧૭ કરોડથી વધુ સમુદાય આધારિત કાર્યક્રમો યોજાયા છે. ભારત સરકારે ૨૦૨૪-૨૫ના "રાષ્ટ્રીય પોષણ માહ"ની ઉજવણી વિવિધ થીમ આધારિત કરવાનું આયોજન કર્યું છે. જેમાં એનિમિયા, વૃદ્ધિ દેખરેખ (ગ્રોથ મોનીટરીંગ), પૂરક આહાર, પોષણ ભી પઢાઈ ભી (PBPB), સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા માટે ટેકનોલોજી તથા સર્વગ્રાહી પોષણ કે જે પોષણ સાથે જોડાયેલી તમામ આવશ્યક બાબતોને આવરી લે છે. આ તમામ થીમ આધારિત વિવિધ પ્રવૃત્તિઓ આ મહિના દરમિયાન સમગ્ર દેશમાં આયોજિત કરાશે.

દેશની મહિલા સ્વસ્થ હશે, તો સંપૂર્ણ દેશ સ્વસ્થ બનશે, તેમ કહેતાં તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લાં દસ વર્ષમાં ભારત સરકારે મહિલા અને બાળલક્ષી અનેકવિધ યોજનાઓને માત્ર લાગુ જ નથી કરી, પરંતુ તેનું સુદ્રઢ અમલીકરણ અને મોનિટરિંગ પણ કરવામાં આવી રહ્યું છે. આ તમામ યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થી સુધી પહોંચે, તેની સરકાર દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.

ગુજરાતની કામગીરીને બિરદાવતા મંત્રીશ્રી કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા મહિલા બાળ કલ્યાણ મંત્રી ભાનુબહેન બાબરીયાના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પોષણલક્ષી ઉત્તમ કામગીરી થઈ રહી છે. પોષણ માસની ઉજવણીમાં ગુજરાત દર વર્ષે અગ્રેસર રહ્યું છે, આ વર્ષે પણ ગુજરાત અગ્રેસર રહેશે, તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

### રાજકોટના જસ્મીન માઢકે સ્વામી સામે ફરિયાદ નોંધાવી છે

# સ્વામિનારાયણ મંદિરના સ્વામી દ્વારા કરોડોની ઠગાઈ કરવામાં આવી

રાજકોટ,તા.૨

સ્વામિનારાયણ મંદિરના સ્વામી દ્વારા કરોડોની ઠગાઈ કરવામાં આવી છે. રાજકોટના જસ્મીન માઢકે સ્વામી સામે ફરિયાદ નોંધાવી છે. સંતો સામે કુલ ત્રણ કરોડ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ઠગાઈ મંદિર માટે જગ્યા જોઈએ છે તેમ કહી કરવામાં આવી છે. ૫૧૦ વીઘા જમીન ફરિયાદીને બતાવીને રોકાણની લાલચ આપવામાં આવી હતી. તેમાં સુરેન્દ્રનગર, વિરમગામ,સુરતમાં પણ સ્વામીઓ સામે ફરિયાદ થઈ છે. વડતાલમાંથી હકાલપટ્ટી કરેલા સ્વામી સહિત ૮ સામે ફરિયાદ થઈ છે. રાજકોટ, સુરેન્દ્રનગર વિરમગામ,સુરતમાં સ્વામીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. જેમાં રાજકોટના જસ્મીન માઢકે સ્વામીઓ વિરુદ્ધ ભક્તિનગર પોલીસમાં ફરિયાદ દાખલ કરી છે. જે.કે સ્વામી,વી.પી સ્વામી, એમ.પી.સ્વામી , દેવપ્રકાશ સ્વામી સહિત આઠેક લોકો સામે ઠગાઈની ફરિયાદ થતા ભક્તોમાં આક્રોસ જોવા મળ્યો છે. જેમાં જસ્મીન માઢકે જે તે વખતે રૂપિયાની લેતી દેતીના વીડીયો રેકોર્ડિંગ પણ પોલીસને આપ્યા છે.

તેથી પોલીસે આગળની કાર્યવાહી કરી છે. સ્વામીની ટોળકીઓ દ્વારા અલગ અલગ લોકો પાસેથી કરોડ રૂપિયા પડાવ્યા હોવાની અલગ અલગ ફરિયાદો છે. સ્વામીની ગેંગના લોકો જમીન વેચનાર ખેડૂત અને દલાલ બંને ટોકન અપાવે અને પૈસા આખી ગેંગ વચ્ચે વેચતાનો આક્ષેપ છે. જેમાં સુરતમાં ૨ નડિયાદ, આણંદ, વિરમગામમાં પાંચ ગુનામાં સ્વામીઓ વોન્ટેડ છે.

રાજકોટમાં સ્વામિનારાયણ મંદિરના સ્વામી દ્વારા કરોડોની ઠગાઈ કરવામાં આવી છે. જેમાં વડતાલ સ્વામિનારાયણના ચાર સ્વામી સહિત આઠ શખ્સોની સામે ફરિયાદ થઈ છે. સ્વામિનારાયણ મંદિર બનાવવા માટે જગ્યા જોઈએ છે તેવું કહી સાધુઓએ કરોડોની ઠગાઈ કરી છે. જેમાં જે.કે સ્વામી, વી.પી સ્વામી, એમ.પી.સ્વામી સહિત ૮ લોકો સામે ઠગાઈની ફરિયાદ છે.

જસ્મીન માઢકે રુપિયા લેતીદેતીના વીડિયો પોલીસને આપ્યા છે. અલગ અલગ લોકો પાસેથી કરોડ રૂપિયા પડાવ્યાની ફરિયાદ છે. સુરત, નડિયાદ, આણંદ, વિરમગામના ગુનામાં સ્વામીઓ વોન્ટેડ છે.

## નાયબ સેકશન અધિકારી/નાયબ મામલતદાર, વર્ગ-૩ની મુખ્ય લેખિત પરીક્ષાની નવી તારીખો જાહેર

ગાંધીનગર, તા.૨

ગુજરાત જાહેર સેવા આયોગે જાહેરનામું જા.ક. ૪૨/૨૦૨૩ ૨૪, નાયબ સેકશન અધિકારી/નાયબ મામલતદાર, વર્ગ ૩ ની મુખ્ય લેખિત પરીક્ષાની નવી તારીખો જાહેર કરી છે. આ પરીક્ષા હવે ૮, ૯, ૧૦ અને ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ લેવામાં આવશે. ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ નવી તારીખો નોંધી લે અને પરીક્ષાની તૈયારી કરવાનું ચાલુ રાખે. વધુ માહિતી માટે ઉમેદવારો આયોગની વેબસાઈટ પર જઈ શકે છે. નોંધનીય છે કે, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આ પહેલા નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદારની મુખ્ય લેખિત પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. આયોગના અધિકૃત ટ્વિટર હેન્ડલ પરથી જાણ કરી હતી કે, નોટિફિકેશન અનુસાર, જાહેરાત ક્રમાંક ૪૨/૨૦૨૩-૨૪ હેઠળની આ પરીક્ષા ૨૮ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન યોજાવાની હતી. પરંતુ રાજ્યના વિવિધ વિસ્તારોમાં થયેલા અતિભારે વરસાદ અને તેના કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિને ધ્યાનમાં લેતા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. GPSC દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે પરીક્ષાની નવી તારીખો વહેલી તકે જાહેર કરવામાં આવશે. ઉમેદવારોને સલાહ આપવામાં આવી છે કે તેઓ નિયમિતપણે GPSC ની અધિકૃત વેબસાઈટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર નજર રાખે. જે તારીખો હવે જાહેર કરવામાં આવી છે. ઉમેદવારો વધુ માહિતી માટે ગુજરાત જાહેર સેવા આયોગની અધિકૃત વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૦૨-૦૯-૨૦૨૪ થી ૦૮-૦૯-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન પ્રિયજન પ્રત્યે વિશેષ લાગણી રહે. તેના દ્વારા મનને શાંતિ મળે. અભ્યાસ, નોકરી કે વ્યવસાયમાં વિશેષ રૂચિ રહે. મનમાં પ્રફુલિતતા અનુભવી શકશો. રોગ-શત્રુ પર વિજય મળે. મન અનેરી શાંતિ અનુભવે, રોકાયેલા નાણાં છૂટા થાય. સર્જનાત્મક પ્રવૃત્તિમાં સફળતા મળે. વડીલ વર્ગ સાથે વાણીસંઘર્ષનો પ્રસંગ બને. ધીર રાખવી હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવું હિતાવહ. મનમાં વ્યર્થ અશાંતિ અનુભવાય. સાસરાપક્ષ તરફથી લાભ મળે. મિત્રવર્ગ કે ભાગીદાર વર્ગ તરફથી લાભ મળે. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી હિતાવહ. ઉપરી અધિકારી વર્ગ કે વડીલ વર્ગ દ્વારા માન-સન્માન મળે, કાર્યબોજ વિશેષ રહે. ખર્ચનો પ્રસંગ બને.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારીઓ આવી પડે. જે નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવી. આવક સંબંધિત સમસ્યાઓ હોય તો દૂર થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારો આ સમય યાત્રા-પ્રવાસનું પણ આયોજન કરાવે. આમોદ-પ્રમોદની અધિકતા રહે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અટકેલા કાર્ય પૂર્ણ થાય. પારિવારીક વિષમતા દૂર કરી શકાય. આ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું. નહિંતર સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય. જે ભવિષ્ય માટે લાભદાયી નીવડે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન પ્રિયજનથી વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી અને જમીન-વાહન સંબંધિતકાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી. કોઈ ષડયંત્ર કે ગેરસમજનો ભોગ ન બનો તેની સાવધાની જરૂરી. નોકરી-વ્યવસાયને લગતા કાર્યમાં સમસ્યા રહે પરંતુ ધીરજ પૂર્વક કાર્ય કરતા રહેવાથી આ સમસ્યા દૂર થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરિમયાન કાર્યની અધિક્તાને લીધે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મીલન-મુલાકાત સફળ થાય તેવા આયોજનો સફળતાપૂર્વક પાર પાડી શકો. મુસાફરી-પ્રવાસ ટાળવો હિતાવહ. જામીનગીરી જેવાકાર્યોથી દૂર રહેવું. કોઈની અંગત બાબતોમાં ન પડવું હિતાવહ.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ઉચ્ચ અધિકારી વર્ગ પ્રસન્ન રહે તેથી લાભ પ્રાપ્ત થાય. જીવનસાથીના સંપૂર્ણ સહકારથી મહત્વના કાર્યો પાર પાડી શકશો. રચનાત્મક કે પરોપકારી પ્રવૃત્તિમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદ ન થાય તેની તકેદારી રાખવી નહિંતર અગત્યના સંબંધો વણસી જાય. સગાસંબંધી દ્વારા આર્થિક લાભ પ્રાપ્ત કરી શકશો.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવી યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું હિતાવહ. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની શક્યતા છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યમાં મન પ્રવૃત રાખવું.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ લગાવ રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાનફેરના યોગ છે. ધંધાકીય કાર્યમાં સાવધાની જરૂરી. નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય ક્ષેત્રના વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડો. અણધાર્યો પ્રવાસ થાય. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન જૂના સ્નેહીઓ સાથે મુલાકાત થાય. મનમાં અ કારણ ગુસ્સો રહે અને ચિંતા સતાવે. આરોગ્ય અંગે સાવચેતી જરૂરી. મનમાં અશાંતિ રહે. આર્થિક બાબતે આ સપ્તાહ શ્રેષ્ઠ રહે. રોકાયેલા નાણાં અચાનક છૂટા થાય. અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. વાણીસંયમ ઝાળવવો હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન નવિન મીલન મુલાકાત, ધાર્મિક કાર્ય કે પ્રવાસ-પર્યટનથી મન અત્યંત પ્રસન્ન રહે. પારિવારીક જીવનમાં પણ ઉત્સાહનો વધારો થાય. ધંધામાં આકસ્મિક ધન લાભ થાય. દૂર્વ્યય થતો અટકે. મોશાળપક્ષ તરફથી લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ચિંતા હોય તો તે હળવી બને અથવા ગેરસમજ દૂર થાય. એકંદરે આ સમય શુભ ફળ આપનારું રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થચિત્તે પોતાના કાર્યને વળગી રહેવું. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવચેત રહેવું હિતાવહ. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી. કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવા હિતાવહ. કાર્યબોઝ વિશેષ રહે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ધૃણા અને પ્રેમ બંને આંધળા છે.

- કહેવત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ વદ-૩૦ દર્શ અમાવસ્યા, અમાસની વૃધ્ધિ છે, સોમવતી અમાસ, પીઠોરી અમાસ, શિવ પૂજન, શિવ મુષ્ટી, કુશા ગ્રાહિણી અમાસ તા.૨ સપ્ટેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૨૮, મઘા નક્ષત્ર, શિવ યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૩૪, સૂ.અ.૭:૦૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પ્રક્રિયા હાથ ધરાઈ

# રાજ્યમાં વધુ એક સરકારી નોકરીની નીકળી ભરતી : ૧ સપ્ટેમ્બરથી અરજી કરી શકાશે




ગાંધીનગર, તા.ર

ગુજરાત સરકારમાં બમ્પર નોકરીઓ નીકળી છે. સરકારી નોકરી મેળવવા ઈચ્છા ઉમેદવારો માટે જોરદાર તકો ઊભી થઈ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી હસ્તકના વિવિધ તાંત્રિક સંરર્ગો માટે વિવિધ પોસ્ટની કૂલ ૨૨૧ જગ્યાઓ માટે ભરતી બહાર પાડી છે. જે અંતર્ગત સાયન્ટીફી આસિસ્ટન્ટની કૂલ ૫૪ જગ્યાઓ ભરવા માટે સંસ્થાએ ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવી છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ભરતી માટે સાયન્ટીફીક આસિસ્ટન્ટ પોસ્ટની વિગતો, શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, પગાર ધોરણ, અરજી પ્રક્રિયા, નોકરીનો પ્રકાર, ભરતી અંગે મહત્વની તારીખો, અરજી કરવાની રીત, પસંદગી પ્રક્રિયા સહિતની મહત્વની જાણકારી મેળવવા માટે ઉમેદવારોએ વેબસાઈટ ચેક કરવાની રહેશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગૃહ વિભાગના નિયમંત્રણ હેઠળના નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાનનની કચેરી હસ્તકના વિવિધ તાંત્રિક સંરર્ગો સાયન્ટીફીક આસીસ્ટન્ટની પોસ્ટની ભરતી થવાની છે. જેમાં રસાયણ, ભૌતિક અને બાયોલોજી એમ ત્રણ જૂથમાં ૫૪ જગ્યાઓ ભરવાની જાહેરાત પ્રસિદ્ધ કરાઈ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અંતર્ગત સાયન્ટીફીક આસિસ્ટન્ટ પોસ્ટની ભરતી માટે ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત વિશે વાત કરીએ તો સાયન્ટીફીક આસિસ્ટન્ટની વિવિધ જૂથની પોસ્ટ માટે વિવિધ શૈક્ષણિક લાયકાત માંગી છે. ઉમેદવારો ફોરેન્સિક સાયન્સ, ભૈતિક વિજ્ઞાન, ફોરેન્સીક નેનો ટેક્નોલોજી, ફોરેન્સીક ફાર્મસી જેવી ડીગ્રીઓ ધરાવતા હોવા જોઈએ. ચોક્કસ જૂથ માટે શૈક્ષણિક લાયકાત વિશે વધારે જાણવા માટે ઉમેદવારોએ નોટિફિકેશન જોવાનું રહેશે. સાયન્ટીફીક આસિસ્ટન્ટ પોસ્ટ ઉપર પસંદ પામેલા ઉમેદવારોને પહેલા પાંચ વર્ષ માટે ૪૯,૬૦૦ રૂપિયા પ્રતિમાસ ફિક્સ પાગર મળશે. ત્યારબાદ સરકારના ધારા ધોરણ અને પે સ્કેલ મૂજબનો પગાર મળવા પાત્ર રહેશે. જ્યારે આ પોસ્ટ માટે ઉમેદવારોની વય મર્યાદાની વાત કરીએ તો આ પોસ્ટ માટે અરજી કરનાર ઉમેદવારોની ઉંમર ૧૮થી ૩૭ વર્ષ વચ્ચે હોવી જોઈએ. આ જગ્યાઓ માટે ઓનલાઈન અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ પહેલ વેબસાઈટ ઉપર એપ્લીકેશનમાં જઈ અરજી કરવાની રહેશે. ઓનલાઈન માહિતી ભર્યા બાદ પ્રિન્ટ કાઢી લેવાની રહેશે. ગુજરાત ગૌં સેવા પસંદગી મંડળ ભરતી માટે સાયન્ટીફીક આસિસ્ટન્ટ પોસ્ટની વિગતો, શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, પગાર ધોરણ, અરજી પ્રક્રિયા, નોકરીનો પ્રકાર, ભરતી અંગે મહત્વની તારીખો, અરજી કરવાની રીત, પસંદગી પ્રક્રિયા સહિતની મહત્વની જાણકારી મેળવવા માટે ઉમેદવારોએ આપેલું સત્તાવાર નોટિફિકેશન વાંચવાનું રહેશે.

# તેલંગાણા કંગના રણૌત અભિનીત ઈમરજન્સી ઉપર પ્રતિબંધ મૂકવા ઉપર વિચારણા કરી શકે છે

હૈદરાબાદ, તા.ર

સરકારના સલાહકાર મોહમ્મદ અલી શબ્બીરે માહિતી આપી હતી કે, તેલંગાણાના મુખ્યમંત્રીએ રેવન્ત રેડ્ડીએ શીખ સમુદાયના નેતાઓને ખાતરી આપી છે કે રાજ્ય સરકાર કાયદાકીય પરામર્શ સુધી કંગના રણૌતની આગામી ફિલ્મ ઈમરજન્સીના પ્રસારણ ઉપર પ્રતિબંધ મૂકવા અંગે વિચારણા કરશે. ભૂતપૂર્વ ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારી તેજદીપ કૌર મેનનની આગેવાની હેઠળ તેલંગાણા શીખ સમાજનું એક પ્રતિનિધિ મંડળ સચિવાલયમાં શબ્બીરને મળ્યું અને ઈમરજન્સી સ્ક્રીનિંગ ઉપર પ્રતિબંધ મૂકવા વિનંતી કરી. શબ્બીરે એક રિલીઝમાં જણાવ્યું હતું કે, ૧૮ સભ્યના પ્રતિનિધિ મંડળે શીખ સમુદાયના ચિત્રણ ઉપર ઊંડી ચિંતા વ્યક્ત કરતું મેમોરેન્ડમ સુપરત કર્યું હતું. રિલીઝમાં જણાવાયું હતું કે, પ્રતિનિધિ મંડળે આક્ષેપ કર્યો હતો કે, ફિલ્મમાં શીખોને આતંકવાદી અને રાષ્ટ્રવિરોધી તરીકે દર્શાવવામાં આવ્યા છે, જે અપમાનજનક છે અને સમુદાયની છબીને નુકસાન પહોંચાડે છે. શબ્બીરે મુખ્યમંત્રીને વિનંતી કરી કે તેઓ તેલંગાણામાં ફિલ્મ ઉપર પ્રતિબંધ મૂકવા માટે વિચારણા કરે. શબ્બીરે કહ્યું કે, મુખ્યમંત્રીએ કહ્યું છે કે, કાયદાકીય સલાહ લીધા બાદ આ મુદ્દે નિર્ણય લેવામાં આવશે.

# રેલવેનો મોટો નિર્ણય : નિવૃત્ત કર્મચારીઓની ફરી કરશે ભરતી

નવી દિલ્હી, તા.ર

ભારતીય રેલવે બોર્ડે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. બોર્ડે રેલવેની વિવિધ સેવાઓમાં આવશ્યકતાઓ અનુસાર ખાલી પડેલી જગ્યાઓ ઉપર સલાહકાર તરીકે નિવૃત્ત રેલવે અધિકારીઓની પુર્નઃ નિયુક્તિ કરવાની મંજૂરી આપી છે. ૨૯ ઓગસ્ટના રોજ તમામ પ્રાદેશિક અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોને મોકલવામાં આવેલા પરિપત્રમાં રેલવે બોર્ડે જણાવ્યું હતું કે, નિવૃત્ત રેલવે અધિકારીઓની પુર્નઃ નિયુક્તિ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી માન્ય રહેશે. ગેઝેટેડ અધિકારીઓની ખાલી જગ્યાઓને કારણે ક્ષેત્રીય રેલવે દ્વારા અનુભવાતી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને બોર્ડે સેવાઓની આવશ્યકતાઓ અનુસાર ખાલી પડેલી જગ્યાઓ ઉપર સલાહકાર તરીકે નિવૃત્ત રેલવે અધિકારીઓની પુર્નઃ નિયુક્તિને મંજૂરી આપી છે. પરિપત્રમાં જણાવ્યા અનુસાર જનરલ મેનેજરને નિવૃત્ત રેલવે અધિકારીઓને ફરીથી સેવામાં લેવાનો અધિકાર આપવામાં આવ્યો છે અને આ માટે ૧૬ નિયમો અને શરતો જણાવવામાં આવી છે. મહત્તમ વય મર્યાદા ૬૫ વર્ષ નક્કી કરવામાં આવી છે. સલાહકારોની નિમણૂકને ફરીથી નિમણૂકની બાબત ગણવામાં આવશે નહીં. કર્મચારીઓને દર મહિને ૧.૫ પેઈડ લીવ મળશે. પરંતુ કર્મચારીઓ આ રજાઓને ટ્રાન્સફર કે ભેગી કરી શકશે નહી. કોન્ટ્રાક્ટ પૂરો થવા ઉપર આ રજાઓના બદલામાં કોઈ ચૂકવણી કરવામાં આવશે નહીં. અધિકારીઓ HRA (House Rent Allowance) અને સરકારી આવાસ માટે હકદાર રહેશે નહીં. જો કે, તેમને ઘરેથી ઓફિસ અને ઓફિસથી ઘરે જવા માટે પરિવહન ભથ્થું આપવામાં આવશે, પરંતુ આ ભથ્થું નિવૃત્તિ સમયે અધિકારીને જે આપવામાં આવે છે તેટલું જ આપવામાં આવશે. નિમણૂક સમયે જે પગાર નિયત થયેલ હશે. તે જ પગાર સમગ્ર કોન્ટ્રાક્ટ દરમ્યાન મળશે. આ સિવાય ઓફિસ ટુર માટે TA/DA પણ આપવામાં આવી શકે છે.

# બેંગલુરૂમાં દક્ષિણ એશિયાનો સૌથી ઊંચો સ્કાયડેકર ૫૦૦ કરોડ રૂપિયાની કિંમતનો બનાવવામાં આવશે

**આ ટાવર અંદાજે ૨૫૦ મીટર ઊંચો હશે, દિલ્હીમાં કુતુબ મિનાર સ્મારક ૭૩ મીટર ઊંચું છે, તેથી ૨૫૦ મીટર ઊંચું આ સ્કાયડેક કુતુબ મિનાર કરતાં ૩ ગણું ઊંચું હશે, સરકાર શરૂઆતમાં બેંગલુરૂની મધ્યમાં સ્કાયડેક બનાવવા માંગતી હતી**



બેંગલુરૂ તા.ર

કર્ણાટક કેબિનેટે બેંગલુરૂર સ્કાયડેકના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને મંજૂરી આપી હતી, જે ૫૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવનાર દક્ષિણ એશિયાની સૌથી ઊંચી ઈમારત હશે. આ પ્રોજેક્ટ શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપશે અને ભારતીય ટેક કેપિટલનો ૩૬૦ ડિગ્રી વ્યૂ પ્રદાન કરશે. આ ટાવર અંદાજે ૨૫૦ મીટર ઊંચો હશે. દિલ્હીમાં કુતુબ મિનાર સ્મારક ૭૩ મીટર ઊંચું છે, તેથી ૨૫૦ મીટર ઊંચું આ સ્કાયડેક કુતુબ મિનાર કરતાં ૩ ગણું ઊંચું હશે. સરકાર શરૂઆતમાં બેંગલુરૂનીર મધ્યમાં સ્કાયડેક બનાવવા માંગતી હતી. CNTC પ્રેસિડેન્શિયલ ટાવર, જે બેંગલુરૂની સૌથી ઊંચી ઈમારત માનવામાંર આવે છે, તેની અંદાજિત ઊંચાઈ ૧૬૦ મીટરથી વધુ છે. કર્ણાટકના કાયદા મંત્રી, સંસદીય બાબતોના મંત્રી એચ.કે. પાટીલે જણાવ્યું હતું કે, કર્ણાટક સરકારે દક્ષિણ એશિયાના સૌથી ઊંચા સ્કાયડેકને મંજૂરી આપી છે. આ સ્કાયડેક શહેરમાં રૂ.૫૦૦ કરોડના ખર્ચે બાંધવામાં આવશે, જે ભારતના ટેકનોલોજી કેપિટલનો ૩૬૦ ડિગ્રી વ્યૂ બતાવશે. બેંગલુરૂમાં NICE રોડ ઉપર બાંધવામાં આવનાર આ સ્કાયડેકમાં પ્રવાસીઓ માટે વિશ્વ કક્ષાની સુવિધાઓ હશે અને તેને મેટ્રો રેલ સાથે જોડવામાં આવશે જેથી પ્રવાસીઓને ત્યાં પહોંચતી વખતે કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે. તેમાં એક ભવ્ય શોપિંગ કોમ્પ્લેક્સ ઉપરાંત, સ્કાય ડેકની અંદર સમાવિષ્ટ અન્ય સુવિધાઓની પુષ્ટિ કરવામાં આવી નથી. સરકાર શરૂઆતમાં બેંગલુરૂની મધ્યમાંર સ્કાયડેક બનાવવા માંગતી હતી પરંતુ બે મોટા પડકારો ઉભા થયા હતા. પ્રથમ,શહેરની મધ્યમાં ૨૫ એકર જમીન શોધવાનું મુશ્કેલ હતું અને બીજું, બેંગલુરૂ શહેરના ઘણા વિસ્તારોમાં સંરક્ષણ મંત્રાલયની સ્થાપનાઓ છે, જેણે આટલા ઊંચા ટાવર સામે વાંધો ઉઠાવ્યો હતો. શહેરની મધ્યમાં અત્યંત ઊંચો ટાવર હોવાથી નાગરિકો, લશ્કરી એરપોર્ટ માટે જોખમ ઊભું થઈ શકે છે. તેથી, બેંગલુરૂના બહારના ભાગમાંર સ્કાયડેક પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. કર્ણાટક કેબિનેટે ૧૨૬૯ હજાર કરોડના ખર્ચે બેંગ્લોરમાં હેબ્બલથી સિલ્કબોર્ડ જંક્શન સુધીની દ્વિમાર્ગીય ટનલ પણ પાસ કરી છે.

હવે ૧ સપ્ટેમ્બરથી બાળકોને માત્ર બપોરનું જ ભોજન મળશે !

# રાજ્યભરના ૪૩ લાખ બાળકોને સ્કૂલમાં અપાતો મધ્યાહન ભોજન યોજનામાં નાસ્તો બંધ કરાયો

**સરકારી નિર્ણયનો બચાવ કરતા અધિકારી : બાળકો એક ટાઈમ વધારે સારૂં જમી શકે**

અમદાવાદ,તા.ર

મધ્યાહન ભોજન યોજનાનાં ૪૩ લાખ બાળક માટે સરકાર તરફથી માઠા સમાચાર આવ્યા છે. રાજ્ય સરકારે બાળકોને ઉપલબ્ધ કરાવાતો નાસ્તો બંધ કરવાનો નિર્ણય કર્યો છે. બાળકોને અગાઉ બપોરનું ભોજન અને નાસ્તો આપવામાં આવતો હતો. નવા પરિપત્ર મુજબ તેમને હવે માત્ર બપોરનું ભોજન જ આપવામાં આવશે. વર્ષ ૨૦૧૭ના પરિપત્ર મુજબ તેમને અઠવાડિક નાસ્તો તથા ભોજન આપવા મેનુ નક્કી કરાયું હતું. નવા પરિપત્રમાં માત્ર બપોરનું ભોજન આપવાનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગના ઠરાવમાં જણાવ્યા મુજબ, તા.૦૧/૦૯/૨૦૨૪થી નવા મેનુનો અમલ કરવા તથા બાલવાટિકાથી ધોરણ ૫ અને ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થી માટે નિયત થયેલા દૈનિક જથ્થાનો અને સુપોષિત ગુજરાત મિશન હેઠળની વધારાની રકમ સહિતની ગુજરાત સરકારે નિયત કરેલ મટીરિયલ કોસ્ટનો ઉપયોગ કરી શાળામાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત બપોરનું ભોજન મળે એ સુનિશ્ચિત કરવાની તમામ જિલ્લા કલેક્ટરોને વિનંતી કરવામાં આવી છે. આ અંગે મધ્યાહન ભોજનના સંયુક્ત સચિવ કે.એન. ચાવડાએ જણાવ્યું હતું કે બાળકોના ભોજનમાં શાકભાજીનું ઈનટેક વધે એવો સરકારનો આશય છે, સુપોષિત ગુજરાત મિશન હેઠળ શાકભાજી તથા અન્ય કેલરીયુક્ત ખોરાકના પૈસા વધારે છે. આદિજાતિ વિસ્તારના ૧૧.૫૦ લાખ બાળકને સવારે દૂધ પણ આપવામાં આવે છે. બાળકો એક ટાઈમ વધારે સારૂં જમી શકે, સંચાલકો તથા હેલ્પરનાં કામના કલાકો પણ જળવાઈ શકે એ માટે આ નિર્ણય લેવાયો છે. ટૂંકમાં, નાસ્તો અને જમવાની જે અલગ અલગ કેલરી હતી એને મર્જ કરી હવે બપોરના જમવામાં જ તમામ કેલરીયુક્ત ખોરાક આપવામાં આવશે. એવો સરકાર તરફથી અધિકારીએ બચાવ કરતાં જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્યમાં મધ્યાહન ભોજન યોજના વર્ષ-૧૯૮૪માં શરૂ થઈ છે. મધ્યાહન ભોજન યોજનામાં રાજ્ય સરકારનો ૨૫% તથા કેન્દ્ર સરકારનો ૭૫% હિસ્સો છે. સરકારી તેમજ સરકારી સહાયતા મેળવતી, સ્થાનિક પંચાયતી સંસ્થા દ્વારા સંચાલિત પ્રાથમિક તેમજ ઉચ્ચ પ્રથમિક શાળાઓ ચાલુ હોય તેવા દિવસોમાં સંપૂર્ણ મફત મધ્યાહન ભોજન આપવાની જોગવાઈ છે.

## મધ્યાહન ભોજનમાં હવે લીલા શાકભાજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે

અમદાવાદ, તા.ર

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના બાળકોને હવે મધ્યાહન ભોજનમાં રોજ શાકભાજી ખાવા મળશે. પી.એમ. પોષણ યોજના અંતર્ગત બાળકોના મેનુમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં શાકભાજીના વધુ ઉપયોગ ઉપર ભાર મુકાયો હોવાનું જાણવા મળે છે. અગાઉના મેનુમાં સપ્તાહમાં બે વખત વિદ્યાર્થીઓને શાક મળતું હતું, પરંતુ નવા મેનુમાં સપ્તાહમાં પાંચ દિવસ શાકનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પી.એમ. પોષણ(મધ્યાહન ભોજન) યોજના હેઠળ રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ભોજન આપવામાં આવે છે. શિક્ષણ વિભાગ દ્વારા બાળકોને એક સમાન ભોજન મળી રહે તે માટે સમાન મેનુ નક્કી કરવામાં આવ્યું છે અને રાજ્યની સ્કૂલો પણ તે મેનુ પ્રમાણે જ વિદ્યાર્થીઓને ભોજન પીરસે છે. આ મેનુંમાં તાજેતરમાં સુખડીનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો અને સપ્તાહમાં એક દિવસ વિદ્યાર્થીઓને સુખડી પણ આપવામાં આવે છે. જોકે, રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાની સ્ટીયરીંગ કમ મોનિટરીંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં પી.એમ. પોષણ યોજના અંતર્ગત મેનુના અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ ધ્યાને લઈ જરૂરી સુધારા વધારા કરવા સૂચન કરાયું હતું. આ સુચનના પગલે પીએમ પોષણ યોજનાના મેનુમાં બદલાવ કરી સરકાર તરફથી નિયત થયેલા અનાજ, કઠોળ, તેલ અને લીલા શાકભાજીના જથ્થાના પ્રમાણ તથા ભારત સરકારની ગાઈડલાઈન અનુસાર નિયત થયેલી કેલરીનું પ્રમાણ જાળવી સમગ્ર રાજ્યમાં એક સાથે અમલમાં મુકી શકાય તે મુજબનું વાનગી મેનુ નિયત કરવા ટેકનિકલ એડવાઈઝરી કમિટીની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. દરમ્યાન કમિશનર પી.એમ. પોષણ યોજનાની કચેરી દ્વારા પી.એમ.પોષણ યોજનાના મેનુમાં ફેરફાર કરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. દરખાસ્તના પગલે સરકાર દ્વારા તેની ઉપર વિચારણા હાથ ધરી હતી અને ત્યારબાદ પી.એમ. પોષણ યોજના અંતર્ગત બાળકોને આપવામાં આવતા ભોજન માટે નવું મેનું નક્કી કરવામાં આવ્યું છે. જેનો અમલીકરણ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪થી કરવાનું નક્કી કરાયું હોવાનું જાણવા મળે છે. નવા મેનું પ્રમાણે હવે મધ્યાહન ભોજનમાં લીલા શાકભાજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે. જે દિવસે મેનું મુજબ નક્કી કરેલા કઠોળ કે દાળનો જથ્થો ઉપલબ્ધ ન હોય તે દિવસે કેલરી અને પ્રોટિનનું પ્રમાણ જળવાય તે મુજબનું ભોજન આપવાનું રહેશે. મધ્યાહન ભોજન યોજનાના નવા મેનુમાં શાકભાજી ઉપર વધુ પડતો ભાર મુકવામાં આવ્યો છે. અગાઉના મેનુમાં વેજ પુલાવ વિદ્યાર્થીઓને આપવામાં આવતો હતો પરંતુ નવા મેનુમાં વેજ પુલાવ સાથે દેશી ચણાનું શાક આપવામાં આવશે. ઉપરાંત દાળ- ભાત સાથે પણ શાક ઉમેરવામાં આવી છે. અગાઉ ગુરૂવારના રોજ બાળકોને દાળ ઢોકળી મળતી હતી, પરંતુ નવા મેનુમાં દાળ ઢોકળી સાથે બાળકોને લીલુ શાક અને સુખડી પણ મળશે. આમ, હવે વિદ્યાર્થીઓને સપ્તાહમાં મહત્તમ દિવસો શાકભાજી ખાવા મળશે.

# ‘તેમના ચરણોમાં માથું નમાવીને માફી માંગું છું’ : છત્રપતિ શિવાજીની પ્રતિમા તૂટી પડવા અંગે મોદીએ માફી માંગી

**મોદીએ ગયા વર્ષે ડિસેમ્બરમાં સિંધુદુર્ગ જિલ્લામાં નેવી ડેની ઉજવણી દરમ્યાન આ પ્રતિમાનું અનાવરણ કર્યું હતું, તે પ્રતિમા તૂટી પડી હતી જેના કારણે રાજ્યભરમાં આક્રોશ ફેલાયો હતો**

પાલઘર, તા.ર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છત્રપતિ શિવાજી મહારાજ અને મહારાષ્ટ્રના દરિયાકાંઠાના સિંધુદુર્ગ જિલ્લામાં આ યોદ્ધા રાજાની પ્રતિમાના પતનથી દુઃખી થયેલા લોકોની માફી માંગી હતી. ૭૬,૦૦૦ કરોડ રૂપિયાના વઢવાણ પોર્ટનો શિલાન્યાસ કર્યા બાદ મોદીએ કહ્યું કે, છત્રપતિ શિવાજી મહારાજ માત્ર એક નામ કે માત્ર રાજા નથી. તેઓ અમારા માટે દેવતા છે. આજે હું તેમના ચરણોમાં માથું નમાવીને મારા દેવતાની માફી માંગું છું. મોદીએ ગયા વર્ષે ડિસેમ્બરમાં સિંધુદુર્ગ જિલ્લામાં નેવી ડેની ઉજવણી દરમ્યાન પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ પ્રતિમા તાજેતરમાં તૂટી પડી હતી. તેમણે કહ્યું કે, જે ક્ષણે હું અહીં પહોંચ્યો હતો, મેં સૌથી પહેલાં શિવાજી મહારાજની પ્રતિમા તૂટી જવા ઉપર માફી માંગી હતી. હું લોકોની પણ માફી માંગુ છું જેઓ આ તૂટી પડવાથી દુઃખી થયા હતા. સિંધુદુર્ગ જિલ્લાના માલવણ તાલુકામાં દરિયાકાંઠાના રાજકોટ કિલ્લામાં પ્રતિમા તૂટી પડ્યા બાદ મોદીની આ પહેલી ટિપ્પણી છે. આ પ્રતિમાનો ઉદ્દેશ છત્રપતિ શિવાજી મહારાજના દરિયાઈ સંરક્ષણ તરફના વારસાને માન આપવાનો હતો. પ્રતિમાના પતનથી રાજ્યવ્યાપી આક્રોશ ફેલાયો હતો, વિપક્ષે સરકાર ઉપર નિશાન સાધ્યું હતુ અને તેના ઉપર શિવાજી મહારાજનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો. વઢવાણ પોર્ટનો શિલાન્યાસ કર્યા બાદ મોદીએ પાલઘરમાં સભાને સંબોધિત કરી હતી. આ કાર્યક્રમ દરમ્યાન તેમણે મરાઠા રાજા અને મહારાષ્ટ્ર માટે દરિયાઈ તકો વિશે વાત કરતા કહ્યું કે, દરિયાકિનારાને કારણે મહારાષ્ટ્રનું આંતરરાષ્ટ્રીય વેપાર સાથે સદીઓ જૂનું જોડાણ છે. આજનો દિવસ ભારતની પ્રગતિ તરફની યાત્રામાં એક ઐતિહાસિક દિવસ છે. વિકસિત મહારાષ્ટ્ર એ વિકસિત ભારતના સંકલ્પનો આવશ્યક ભાગ છે, છેલ્લા ૧૦ વર્ષોમાં અમે મહારાષ્ટ્રની પ્રગતિ માટે સતત મોટા નિર્ણયો લીધા છે. પાલઘર જિલ્લાના દહાણુ શહેર નજીક આવેલા વઢવાણ બંદર માટે ૭૬,૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તે આંતરરાષ્ટ્રીય શિપિંગ રૂટને સીધી કનેક્ટિવિટી પ્રદાન કરશે અને ટ્રાન્ઝિટ સમય અને ખર્ચમાં ઘટાડો કરશે. અત્યાધુનિક ટેક્નોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ આ બંદર ડીપ બર્થ, કાર્યક્ષમ કાર્ગો હેન્ડલિંગ સુવિધાઓ અને આધુનિક પોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ્સ ધરાવે છે. આ બંદર નોંધપાત્ર રોજગારીની તકો પેદા કરશે, સ્થાનિક વ્યવસાયોને ઉત્તેજન આપશે અને પ્રદેશના એકંદર આર્થિક વિકાસમાં ફાળો આપશે તેવી અપેક્ષા છે. આ પ્રોજેક્ટમાં પર્યાવરણીય પ્રભાવને ઘટાડવા અને કડક ઈકોલોજીકલ ધોરણોનું પાલન કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને વિકાસ પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે કાર્યરત થયા પછી આ બંદર ભારતની દરિયાઈ જોડાણને વધારશે અને વૈશ્વિક વેપાર કેન્દ્ર તરીકે તેની સ્થિતિને વધુ મજબૂત કરશે. મોદીએ રૂા.૩૬૦ કરોડની નેશનલ રોલ આઉટ ઓફ વેસલ કોમ્યુનિકેશન એન્ડ સપોર્ટ સિસ્ટમ પણ લોન્ચ કરી હતી, જે અંતર્ગત ૧૩ દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મિકેનાઈઝ્ડ અને મોટરાઈઝ્ડ ફિશિંગ જહાજો ઉપર તબક્કાવાર રીતે એક લાખ ટ્રાન્સપોન્ડર ઈન્સ્ટોલ કરવામાં આવશે. જહાજ સંચાર અને સહાયક પ્રણાલી એ ISRO દ્વારા વિકસિત સ્વદેશી તક્નિક છે. જ્યારે માછીમારો દરિયામાં હોય ત્યારે અને બચાવ કામગીરી દરમ્યાન આ સિસ્ટમ દ્વિ-માર્ગી સંચાર સ્થાપિત કરવામાં મદદ કરશે. મોદીએ માછીમારીના બંદરોના વિકાસ, અપગ્રેડેશન અને આધુનિકીકરણ, ફિશ લેન્ડિંગ સેન્ટરો અને ફિશ માર્કેટના નિર્માણ સહિત મહત્ત્વના ફિશરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કર્યો હતો.

# સુપ્રીમ કોર્ટે પોતાને CJI ચંદ્રચૂડ તરીકે દર્શાવનાર સોશિયલ મીડિયા યુઝર સામે ફરિયાદ દાખલ કરી; દિલ્હીની સાયબર પોલીસ યુનિટે તપાસ શરૂ કરી

નવી દિલ્હી, તા.ર

સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસના સાયબર ક્રાઈમ વિભાગમાં ફરિયાદ દાખલ કરી છે. આ ફરિયાદ એક સોશિયલ મીડિયા એકાઉન્ટ સામે કરવામાં આવી છે, જેણે ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ડી.વાય. ચંદ્રચૂડ તરીકે રજૂ કરીને એક વપરાશકર્તાને કેબનું ભાડું ચૂકવવા માટે પૈસા માંગ્યા હતા. વાસ્તવમાં CJI ચંદ્રચૂડે સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયેલા મેસેજનો સ્ક્રીનશોટ જોયો ત્યારે આ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ પછી સુપ્રીમ કોર્ટના સુરક્ષા વિભાગે આની નોંધ લીધી અને સાયબર ક્રાઈમ સેલમાં એફઆઈઆર દાખલ કરી. પોસ્ટમાં દેખાતા વ્યક્તિએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ ઉપર પોતાનું નામ ડી.વાય. ચંદ્રચૂડ લખ્યું છે અને પોતાને સુપ્રીમ કોર્ટના જજ ગણાવ્યા છે. તેણે ડિસ્પ્લે ઈમેજમાં CJI ડી.વાય. ચંદ્રચૂડનો ફોટો મૂક્યો છે. આ પોસ્ટમાં જોઈ શકાય છે કે, છેતરપિંડી કરનારે અન્ય યુઝર પાસેથી રૂા.૫૦૦ માંગ્યા અને કહ્યું કે, તે કોલેજિયમની મીટિંગમાં હાજરી આપવા માટે કેબ લેવા માંગે છે. છેતરપિંડી કરનારે યુઝરને વચન પણ આપ્યું હતું કે, એકવાર તે સુપ્રીમ કોર્ટમાં પહોંચશે ત્યારે તે પૈસા પરત કરશે. પોતાને CJI ગણાવનાર વ્યક્તિ પોસ્ટમાં કહી રહ્યો છે કે, તે દિલ્હીના કનોટ પ્લેસ (CP)માં અટવાયેલો છે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના વરિષ્ઠ પ્રોફેસર અને
# પૂર્વ કુલપતિ પ્રો. જયદિપસિંહ ડોડીયાએ ૬૧ માં વર્ષમાં પ્રવેશ કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કાર્યકારી કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર અને અધ્યાપક જગતમાં લોકપ્રિય અગ્રણી પ્રો. જયદિપસિંહ ડોડીયા તેમની જીવન યાત્રાના ૬૦ વર્ષ પુરા કરી ગઈકાલે તા.૧/૯/૨૦૨૪ ના દિવસે ૬૧ માં વર્ષ માં પ્રવેશ કરેલ છે. ૧૯૯૮ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા એ પહેલા રાજકોટની શ્રીમતી એમ. ટી. ધમસાણીયા કોમર્સ કોલેજ અને માંગરોળની શ્રી શારદાગ્રામ કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે ફરજ બજાવેલ હતી તથા માંગરોળ જેવા દરિયાઇ કાંઠાના વિસ્તારોમાં અંગ્રેજી ભાષાના પ્રચાર તથા પ્રસાર માટે ખુબજ મહત્વનું યોગદાન આપ્યું હતું. તે માટે તેઓએ સ્વ. પ્રો. એમ. જી. મચ્છરના અધ્યક્ષપદે વિલિયમ શેકસપિયર સોસાયટીની સ્થાપના પણ કરેલી, તથા ગ્રામ્ય વિસ્તારમાંથી કોલેજમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયમાં ઉત્તમ કારકિર્દી ઘડવા પોતે પ્રેરણાસ્ત્રોત રહેલા હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની કારકિર્દી શરૂ કરનાર પ્રો. ડોડીયા સેનેટ સભ્ય, સીન્ડીકેટ સભ્ય તેમજ વિનયન વિદ્યાશાખાના ડીન તરીકે ફરજ બજાવી ચુક્યા છે. વર્ષ ૨૦૧૩ માં તત્કાલીન કુલપતિ ડો.મહેન્દ્રભાઈ પાડલીયા લંડનના પ્રવાસે ગયા ત્યારે ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ ડો. કમલા બેનીવાલે કાર્યકારી કુલપતિ તરીકે પ્રો.ડોડીયાની નિમણૂંક કરી હતી. પ્રો.જયદિપસિંહ ડોડીયાનો વર્ષ ૨૦૧૩ માં કાર્યકારી કુલપતિ તરીકેનો ખુબજ અલ્પ સમયગાળો ગુજરાત રાજ્યનું શિક્ષણ જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવો યશશ્વી રહ્યો હતો.

વર્ષ ૨૦૧૨ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સૌથી મોટી ફેકલ્ટી એવી આર્ટ્સ ફેકલ્ટીના ડીન અને અધર ધેન ડીન એમ બંને પદે ચૂંટાઈને પ્રો. જયદિપસિંહ ડોડીયાએ વિક્રમ સર્જયો હતો. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણની કુલપતિ સર્ચ કમિટીમાં યુ.જી. સી. ચેરમેનના નોમિની તરીકે એક વખત તેમજ માનનીય રાજ્યપાલશ્રીના નોમિની તરીકે આ સમિતિના અધ્યક્ષ તરીકે બે વખત સફળતા પૂર્વક ફરજ બજાવી ચુક્યા છે. તેમજ પ્રો. ડોડીયાએ રાજસ્થાનની વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી, કોટાના એકેડેમિક કાઉન્સીલના સભ્ય તરીકે એક ટર્મ ફરજ બજાવેલ છે . તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના પ્રમુખ પદે પોતાના નિષ્ઠાવાન સ્વભાવ અને બીજા માટે કઈક કરી છૂટવાની ભાવનાને કારણે સતત ત્રણ વર્ષ બિનહરીફ ચૂંટાયા છે. ઉપરાંત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-હાઉસિંગ સોસાયટીના પણ પ્રમુખની જવાબદારી નિભાવી રહ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસરથી કારકિર્દી શરૂ કરીને અંગ્રેજી ભાષા સાહિત્યના બઢતીથી અને સીધી ભરતીથી એમ બંને રીતે પ્રોફેસર તરીકે નિમણૂંક મેળવનાર પ્રો.જયદિપસિંહ ડોડીયા સૌરાષ્ટ્ર કચ્છમાં અંગ્રેજી વિષયના પ્રથમ અધ્યાપક છે. જેઓના માર્ગદર્શન નીચે અત્યાર સુધીમાં ૪૨ જેટલા



અધ્યાપકોએ પીએચડીની ડીગ્રી પ્રાપ્ત કરી છે. એટલુજ નહિ, પણ આ પૈકી ૨૦ જેટલા અધ્યાપકો ગુજરાતની અલગ અલગ યુનિવર્સિટીમાં ગાઈડ તરીકે સફળતા પૂર્વક કાર્ય કરી રહ્યા છે. એક અધ્યાપક તરીકે ડો.ડોડીયા માત્ર અધ્યાપકોની જ નહિ, પરંતુ વિદ્યાર્થીઓની સમસ્યાઓ અંગે પણ સતત જાગૃત રહી અને જરૂર પડે વિદ્યાર્થીઓના વાલીની ભૂમિકા પણ અદા કરી સત્તાધીશો સમક્ષ નીડરતાપૂર્વક અને સચોટ આધાર પુરાવા સાથે પરિણામલક્ષી રજૂઆતો કરતા રહ્યા છે. અને તેઓ અધ્યાપક તથા વિદ્યાર્થી એમ બંને માટે નિઃસ્વાર્થ સેવા અર્થે રાઉન્ડ ધ કલોક તત્પર હોય છે જે તેઓના વ્યક્તિત્વનું એક વિશિષ્ઠ પાસું રહ્યું છે. તેઓની સતત સક્રિયતાને કારણે તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનેક ચૂંટણી જંગમાં તોતિંગ બહુમતીથી વિજેતા જાહેર થયા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશનના બે ટર્મ સુધી મહામંત્રી અને બે ટર્મ સુધી પ્રમુખ તરીકેના કાર્યકાળમાં સત્તાધીશો સાથે સીધો સંઘર્ષ કરીને પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકોના પ્રશ્નોના નિવારણ માટે મહત્વની ભૂમિકા ભજવી હતી. ગુજરાતમાં યુ.જી.સીના છઠ્ઠા અને સાતમા પગાર ધોરણના અમલીકરણ માટે પણ પ્રો. જયદીપસિંહ ડોડીયાએ એક જાગૃત અધ્યાપક અગ્રણી તરીકે સક્રિય ભૂમિકા ભજવી હતી.

પ્રો.ડોડીયા ના સુપુત્ર શ્રી કુલદીપસિંહ ડોડીયા રાજકોટ શહેરના ખ્યાતનામ આર્કિટેક્ટ છે. પ્રો.ડોડીયાના પુત્રવધૂ રીમાબેન ઉદયસિંહ ઝાલા નાયબ પોલીસ અધિક્ષક (ડીવાય.એસ.પી. ) તરીકે પ્રથમ પ્રયાસે નિયુક્ત થતા હાલ સાબરકાંઠા જિલ્લામાં પ્રોબેશનરી નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. જયારે તેમના સુપુત્રી ડો. ભાર્ગવી અને જમાઈ ડો.ધ્વનન અમદાવાદની ખ્યાતનામ કોર્પોરેટ હોસ્પીટલમાં ડોકટર છે.

જૂનાગઢ સ્વામિનારાયણ ગરૂકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રો.જયદિપસિંહ ડોડીયાને તેમના જન્મદિવસે રાજકોટ ગુરૂકુલથી પરમ પૂજ્ય ગુરૂવર્ય શ્રી સદગુરૂ સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા મહંત સ્વામી શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી તથા જૂનાગઢ ગુરૂકુલથી પરમ પૂજ્ય સદગુરસ સ્વામી શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી અને સર્વે સંતોએ આશીર્વાદ પાઠવ્યા છે. પ્રો. જયદિપસિંહ ડોડીયાના જન્મદિવસે તેમને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ડો. કમલસિંહ ડોડિયા, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી-ગોધરાના કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણ, ઉદયસિંહ રામભાઈ ઝાલા (ખાપટ ગીર), દીપસિંહ રામભાઈ ઝાલા (ખાપટ ગીર), કે. ડી. વૈંશ (આલીદર), સગાભાઈ રાણાભાઇ બારડ ( બુધેચા), રમેશભાઇ કે. સાકરીયા( રાધિકા સિલ્વર, રાજકોટ) તથા ગુજરાત હાઈકોર્ટના જાણીતા યુવા એડવોકેટ હાર્દિક જી. ડોડીયા સહિતના અનેક શુભેચ્છકો, શિક્ષણવિદ્દો અને સામાજિક સંસ્થાના અગ્રણીઓએ પ્રો. જયદીપસિંહ ડોડિયાને તેમના મો.૯૬૮૭૬-૯૨૯૫૦ પર શુભેચ્છાઓ પાઠવી છે.

## ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોર્ચા દ્વારા
# સદસ્યતા અભિયાન અંતર્ગત સહ-ઈન્ચાર્જ તરીકે વિજયભાઈ કોરાટની નિમણૂંક

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૨

દેશના માન.યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાના માર્ગદર્શન હેઠળ કેન્દ્રીય ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર દેશમાં સદસ્યતા અભિયાનનો શુભારંભ થયેલ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૦૧૪માં સદસ્યતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પાર્ટી માટે સદસ્યતા અભિયાન એ માત્ર જન સંપર્ક અભિયાન નથી, આ અભિયાનને વધુમાં વધુ લોકોને પાર્ટીની વિચારધારામાં જોડવાનો છે. આ કારણે પાર્ટીએ ૨૦૧૪ અને ૨૦૧૯માં પ્રચંડ જીત હાંસલ કરી, તેનો તેના દ્વારા ભાજપા આજે વિશ્વની સૌથી મોટી લોકતાંત્રિક પાર્ટી બનવામાં સફળ રહી હતી.

આ સદસ્યતા અભિયાન અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોર્ચા દ્વારા આ અભિયાનના ઈન્ચાર્જ તરીકે ડી.ડી.ચુડાસમા તથા સહ-ઈન્ચાર્જ તરીકે વિજયભાઈ કોરાટ અને વિપુલભાઈ બારોટની નિમણૂંક કરવામાં આવી છે. વિજયભાઈ કોરાટ હાલપ્રદેશ કિસાન મોર્ચાના મંત્રી તરીકે સક્રિય રીતે કામ કરી રહ્યા છે. તેઓ દેવભૂમિ દ્વારકા અને જૂનાગઢ શહેર અને જીલ્લાના કિસાન મોર્ચાના પ્રભારી તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે.



વિજયભાઈ કોરાટે ગત સદસ્યતા અભિયાનમાં વ્યક્તિગત ૧૧,૫૦૦ જેટલા સદસ્યોની નોંધણી કરી હતી, જે અભૂતપૂર્વ કામગીરીને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા પ્રદેશ હોદેદારો દ્વારા અભિનંદન આપી બિરદાવવામાં આવી હતી. વધુમાં,ગત વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં વિજયભાઈ કોરાટ દ્વારા પ્રસંશનીય કામગીરી કરી હતી તેમજ તેમણે પ્રદેશ કિસાન મોર્ચાના વિવિધ કાર્યક્રમોના ઈન્ચાર્જ તરીકે સફળતા પૂર્વકની કામગીરી કરી છે. જેમાં ખાટલા બેઠક, ગ્રામ સ્વરાજ્ય અભિયાન, જનજાગરણ અભિયાન જેવા પ્રદેશ દ્વારા આપવામાં આવેલ અનેક કાર્યક્રમોમાં ઈન્ચાર્જ તરીકેની સફળ કામગીરી કરી છે ત્યારે વિજયભાઈ કોરાટ દ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય કામગીરીને ધ્યાને લઈને પ્રદેશ ભાજપ કિસાન મોર્ચા દ્વારા આજરોજ તા.૨થી શરૂ થતું ‘‘સદસ્યતા અભિયાન’’ના પ્રદેશના સહ-ઈન્ચાર્જ તરીકે વિજયભાઈ કોરાટને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

# સોમનાથ ત્રિવેણી સંગમ ખાતે ખારવા સમાજના સદ્‌ગતો માટે વિધી વિધાન અને પ્રાર્થના કરાઈ







(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨

સોમનાથ પાટણ ત્રિવેણી સંગમ ઘાટ ખાતે તા.૩૧-૮-૨૦૨૪ના રોજ વર્ષોની પરંપરાગત શ્રાવણ વદ ને તેરસના દિવસના રોજ શ્રી વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ જીતુભાઈ કુહાડા અને અખિલ ગુજરાત માછીમાર મહામંડળના પ્રમુખ કિશોરભાઈ કુહાડા દ્વારા સમગ્ર ખારવા સમાજના લોકો સ્વર્ગવાસ થાય તેમની સદ્‌ગતિ પ્રાપ્ત થાય તેના માટે પટેલશ્રી દ્વારા વિધિ કરવામાં આવે છે. વર્ષોની પરંપરા મુજબ આ ક્રિયા કરવામાં આવે છે તેમાં દીવા મૂકવાથી લઈ પિંડ મુકવાની તમામ વિધી બ્રાહ્મણ દ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ કાવો, કસુંબો મુકવામાં આવે છે, સમાજના કોટવાળ દ્વારા હાંકલ પાડવામાં આવે છે, ત્યારબાદ સમગ્ર ખારવા સમાજનાં લોકો દીવો મુકવાની વિધી બ્રાહ્મણ દ્વારા કરાવે છે. સગા સબંધી બધા માટે પિંડ મૂકીને પીપળે પાણી પીવડાવીને પિતૃની સદ્‌ગતિ ની પ્રભુ પાસે પ્રાર્થના કરે છે. આ પ્રસંગમાં ખારવા સમાજના પટેલ જીતુભાઈ કુહાડા અખિલ માછીમાર મહામંડળના પ્રમુખ કિશોરભાઈ કુહાડા ઉપપટેલ ગોપાલ ભાઈ ફોફંડી તથા બાબુભાઈ આગિયા, મંત્રી નારણભાઈ બાંડીયા, વેરાવળ લોઢી સમાજના પ્રમુખ હીરાભાઈ વધાવી, દીવ વણાકબારા ખારવા સમાજના પટેલ કિર્તીભાઈ ગોહેલ, ઉપપટેલ દિનેશભાઈ પાંજણી, દીવ વણાકબારા બોટ એસોસિએશનના મંત્રી ધીરજભાઈ કોટીયા, ગીર સોમનાથ જિલ્લા માછીમાર સેલ સંયોજક પૃથ્વીભાઈ, ગીર સોમનાથ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના પૂર્વ ઉપપ્રમુખ ધનસુખભાઈ કુહાડા સહિતના તમામ ખારવા સમાજ ના આગેવાનો જોડાયા હતા તેમજ બોહોળી સંખ્યામાં ખારવા ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## અરણીયાળા બિલેશ્વર ભારતી આશ્રમમાં ગાયને વાછરડીનો જન્મ થતા પેંડા તુલા કરવામાં આવી



મેંદરડા તા. ૨

આજના સાંપ્રત સમયમાં આપણા ધર્માચાર્યો ગૌવંશ, ગૌરક્ષણ, ગૌ સંવર્ધન માટે ઉપદેશો આપી રહયા છે. ત્યારે મેંદરડા તાલુકાના અરણિયાળા ગામના ગૌ પ્રેમી ભીમભાઈ મારૂની ગાયને વાછરડીનો જન્મ થતાં બિલેશ્વર ભારતી આશ્રમમાં જીતેન્દ્રભારતી બાપુનાં સાંનિધ્યમાં વાછરડીને પેંડાથી તુલા કરવામાં આવી હતી. વાછરડીનો વજન ૨૨ કિલો થયેલ હતો. અત્યારના સમયમાં લોકો દિકરાની માનતા કરતા હોય અને સાકરથી તુલા કરે ત્યારે આવા ગૌ પ્રેમી ભીમભાઈ મારૂએ પેંડાથી તુલા કરી જે સરાહનીય છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં અતિવૃષ્ટિની પરિસ્થિતિ બાદ સઘન સફાઈ ઝુંબેશ

## વિવિધ વિસ્તારોમાં રોગચાળો ન ફેલાય તે માટે દવાનો છંટકાવ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદ બાદ સાફ-સફાઈ અને દવા છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવી છે.દ્વારકા તેમજ રાવલ નગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે માટે વિવિધ વિસ્તારોમાં સાફ-સફાઈ કરવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે.




દ્વારકા તેમજ રાવલમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હોય તે પાણીનો યોગ્ય નિકાલ કરવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. તેમજ વિવિધ વોર્ડમાં મચ્છર નિયંત્રણ દવાનો છટકાવ અને વરસાદના કારણે વિસ્તારોમાં જે કચરો જમા થયો હોય, કાદવ - કિચડને દૂર કરવા માટે સઘન સફાઈ કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. પાણીજન્ય કે અન્ય રોગચાળો ના ફેલાય તે માટે આગામી દિવસોમાં પણ આ કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે તેમ સ્થાનિક વહીવટી તંત્રએ જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આજની (તા.૩૧/૮/૨૦૨૪) સ્થિતિએ દ્વારકા તાલુકામાં ૨૧૯૯ એમ.એમ., ખંભાળિયા તાલુકામાં ૨૧૫૯ એમ.એમ., કલ્યાણપુર તાલુકામાં ૧૯૫૦ એમ.એમ. તથા ભાણવડ તાલુકામાં ૧૪૨૮ એમ.એમ. વરસાદ નોંધાયો છે.

# પતંજલિના દંતમંજનને વેજીટેરિયન પ્રોડક્ટ ગણાવતા દિલ્હી હાઈકોર્ટમાં કેસ

નવી દિલ્હી, તા.૨

બાબા રામદેવ ફરી મુશ્કેલીમાં આવી ગયા છે. તેમની મુસિબતમાં એક પછી એક વધારો થઈ રહ્યો છે. પતંજલિના દંતમંજન વેજીટેરિયન હોવાનો દાવો કરી એને વેંચવામાં આવે છે. જોકે એ નોન-વેજ હોવાનું જાણ થતાં એના વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી છે. દિલ્હી હાઈ કોર્ટ દ્વારા એ ફરિયાદને ધ્યાનમાં રાખીને નોટિસ જાહેર કરવામાં આવી છે.

જસ્ટિસ સંજીવ નરુલાની બેન્ચ દ્વારા પતંજલિ, દિવ્ય ફાર્મસી, બાબા રામદેવ, કેન્દ્ર સરકાર અને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને નોટિસ મોકલવામાં આવી છે. આ સુનાવણી હવે નવેમ્બરમાં કરવામાં આવશે.

આ ફરિયાદ વકીલ યતિન શર્માએ દાખલ કરી છે. યતિન શર્માનાની ફરિયાદ બાદ તેનો કેસ વકીલ સ્વપ્રિલ ચૌધરી અને પ્રશાંત ગુપ્તા લડી રહ્યાં છે. તેમણે કહ્યું કે દિવ્ય દંતમંજનના પેકેટ પર ગ્રીન ડોટ દેખાડવામાં આવી રહ્યું છે. ગ્રીન ડોટનો મતલબ વેજીટેરિયન છે, પરંતુ આ દંતમંજનમાં માછલીના અંશો મળી આવ્યા છે. આ અવશેષ નોન-વેજની કેટેગરીમાં આવે છે.

આ ફરિયાદમાં એ પણ કહેવામાં આવ્યું છે કે કાયદા મુજબ દવાને વેજ અથવા તો નોન-વેજની કેટેગરીમાં રાખવાની જરૂર નથી. જોકે આ દંતમંજન પર ગ્રીન ડોટ છે જે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ મુજબ ખોટી રીતે બ્રાન્ડિંગ કરવામાં આવી રહ્યું છે.

આ ફરિયાદમાં એ પણ કહેવામાં આવ્યું છે કે ફરિયાદ કરનાર અને તેની ફેમિલીની ધાર્મિક લાગણીઓ દુભાઈ છે. ધર્મમાં માનતા હોવાથી તેઓ ફક્ત વેજીટેરિયન વસ્તુનો જ ઉપયોગ કરે છે. જોકે તેમને જ્યારે ખબર પડી કે આ દંતમંજનમાં માછલીના અંશ મળી આવ્યા છે તો તેમની લાગણીઓને ઠેસ પહોંચી છે. માછલીમાં આવતાં એક અંશનો એમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

# ખંભાળિયાના રામનાથ મહાદેવ મંદિરે ત્રણ દિવસ ઘીની મહાપૂજાના વિશિષ્ટ દર્શન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

ખંભાળિયાના પાદરમાં બિરાજતા પુરાણ પ્રસિદ્ધ શ્રી રામનાથ મહાદેવના મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ માસના અંતિમ ત્રણ દિવસ તેરસ, ચૌદસ અને અમાસ નિમિત્તે સાંજે ઘીની મહાપૂજાના દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે જેમાં દરરોજ સાંજે ૫ થી રાત્રે ૯ વાગ્યા સુધી મહાપૂજા તેમજ દિવસ દરમિયાન સાજ-શણગાર અને જુદા જુદા દર્શનનો લાભ લેવા ધર્મ પ્રેમી જનતાને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ભારે વરસાદની આફતમાં નાગરીકોની સંભાળ લેતું દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર

**આપત્તિના દિવસોમાં અમને જીવની જેમ સાચવ્યાં, ભોજન– પાણી– સફાઈ વગેરે તમામ સુવિધાઓ અપાઈ – રૂપેણ બંદરના અસરગ્રસ્ત ઈસુભાઈ**



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામા વ્યાપક ભારે વરસાદને પગલે વિવિધ વિસ્તારોમા પાણી ભરાતાં લોકોના જનજીવનને અસર થવા પામી હતી. દ્વારકા નગરપાલિકા દ્વારા દરિયાકાંઠાના રૂપેણ બંદર જેવા નુકસાનીનુ વધુ જોખમ ધરાવતા સ્થાનિકો તેમજ નીચાણવાળા વિસ્તારોના લોકોનું સમયસુચકતા દાખવી સ્થળાંતર કરવામાં આવ્યુ હતું. આ તમામ સ્થળાંતરીત કરાયેલાં અસરગ્રસ્તોને પીવાનું પાણી, શૌચાલય વગેરે સુવિધાઓ સાથેની હાઈસ્કુલ, કોમ્યુનિટી હોલ વગેરે જગ્યાઓએ રખાયા હતા. તેમના રોકાણ દરમ્યાનનાં ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

રૂપેણ બંદર વિસ્તારના રહેવાસી ઈસુભાઈ પોતાનો અનુભવ કહેતાં જણાવે છે કે, અમારે ત્યાં છાતી સરસા પાણી ભરાય તેવો વરસાદ હતો, એવામાં નગરપાલિકાના કર્મચારીઓએ અમને હાઈસ્કુલ ખાતે લાવી જમવા વગેરેની સુવિધા આપી છે. સુવા-બેસવા સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી છે, સફાઈ પણ રાખવામાં આવે છે. અમને આ દિવસોમાં જીવની જેમ સાચવ્યા છે. અમને આવા કઠિન સમયમાં સાચવવા માટે સરકારનો જેટલો આભાર વ્યક્ત કરીએ એટલો ઓછો છે.

# ગુજરાતમાં PM જન-ધન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા ૧.૮૭ કરોડને પાર : ૧ કરોડ ૪૧ લાખથી વધુ RuPay કાર્ડ જારી કરાયા

**દેશના કુલ ૫૩.૧૩ કરોડ જન-ધન ખાતાઓમાં રૂા.૨,૩૧,૨૩૫ કરોડથી પણ વધારે બેલેન્સ, અસંખ્ય લોકોને મૂળભૂત નાણાકીય સેવાઓ મળી : PMJDY હેઠળ ૧૧.૫૯ લાખ બેંકમિત્ર દેશમાં સરળ અને સુલભ બેંકિંગ સર્વિસ પહોંચાડી રહ્યા છે**

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૨

ભારતના લોકોની સુખાકારીમાં વધારો થાય એ ઉદ્દેશથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે અનેક વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. આવી જ એક મહત્વપૂર્ણ યોજના ૧૦ વર્ષ પહેલાં આપણા દૂરંદેશી વડાપ્રધાન દ્વારા શરૂ કરવામાં આવી હતી. જેણે દેશના લોકોને સશક્ત બનાવવામાં સીમાચિહ્નરૂપ ફાળો આપ્યો છે. આ યોજના એટલે પ્રધાનમંત્રી જન-ધન યોજના. છેલ્લા દસ વર્ષમાં નાણાકીય સમાવેશના આ રાષ્ટ્રીય મિશનનું અભૂતપૂર્વ પરિણામ જોવા મળ્યું છે અને હાલ ૫૩ કરોડથી પણ વધુ લોકો મૂળભૂત નાણાકીય સેવાઓનો લાભ લઈ રહ્યા છે. ગુજરાતમાં પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા ૧.૮૭ કરોડને પાર થઈ ગઈ છે અને ખાતાઓમાં ૯,૬૮૧ કરોડથી પણ વધારે બેલેન્સ નોંધાયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર આ યોજનાનો લાભ ગુજરાતના વધુને વધુ નાગરિકો સુધી પહોંચે એવા સતત પ્રયાસ કરી રહી છે.

**PM જન-ધન યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા ૧૦ વર્ષમાં ૫૩ કરોડને પાર**

૨૮ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે દેશના તમામ લોકોને મૂળભૂત નાણાકીય સેવાઓ જેવી કે બેંક ખાતા, ઉધાર, ચૂકવણીઓ, બચત અને થાપણો, ક્રેડિટ, વીમા અને પેન્શન વગેરે સરળતાથી મળી રહે તેવા ઉદ્દેશથી પ્રધાનમંત્રી જન ધન યોજના શરૂ કરી હતી. આ મહત્વાકાંક્ષી યોજના હેઠળ ખોલવામાં આવેલા ખાતાઓની સંખ્યા ૧૦ વર્ષમાં ૫૩ કરોડને પાર થઈ ગઈ છે. મહત્વની વાત એ છે કે આમાંથી અડધાથી વધુ ખાતા દેશની નારી શક્તિના છે. દેશના કુલ જન-ધન ખાતાઓમાં હવે કુલ બેલેન્સ ૨,૩૧,૨૩૫ કરોડ થઈ ગયું છે. આ યોજના હેઠળ ૧૧.૫૯ લાખ બેંકમિત્ર દ્વારા દેશમાં બ્રાંચલેસ બેંકિંગ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

**પીએમ જન-ધન : વિશ્વની સૌથી મોટી નાણાકીય સમાવેશની પહેલ**

પ્રધાનમંત્રી જન-ધન યોજના વિશ્વની સૌથી મોટી નાણાકીય સમાવેશની પહેલ બની ગઈ છે. આ યોજનાના કારણે અસંખ્ય લોકો માટે બેંકની સુવિધા સુલભ બની છે. ખાસ તો, ગરીબ લોકોને સસ્તા દરે રેમિટન્સ, ક્રેડિટ, વીમો, પેન્શન, બેંકિંગ, સેવિંગ્સ અને ડિપોઝિટ અકાઉન્ટ્સ સહિતની વિવિધ નાણાકીય સેવાઓ ઉપલબ્ધ બની છે.

**ગુજરાતમાં ૧.૮૭ કરોડથી વધુ જન-ધન ખાતાઓ ખૂલ્યા**

ગુજરાતમાં પ્રધાનમંત્રી જન-ધન યોજના અંતર્ગત લાભાર્થીઓની સંખ્યા ૧.૮૭ કરોડથી પણ વધી ગઈ છે. ગ્રામીણ/સેમી-અર્બન સેન્ટરની બેંક શાખાઓમાં લાભાર્થીઓની સંખ્યા ૧,૧૨,૩૫,૬૦૫ છે, જ્યારે શહેરી/મેટ્રો સેન્ટરની બેંક શાખાઓમાં આ સંખ્યા ૭૫,૨૮,૮૭૨ છે. એટલે કે રાજ્યમાં આ યોજનાના કુલ ૧,૮૭,૬૪,૪૭૭ લાભાર્થીઓ છે. આ લાભાર્થીઓના ખાતામાં ૯,૬૮૧ કરોડથી પણ વધારે બેલેન્સ છે અને આ યોજના હેઠળ ૧,૪૧,૯૧,૮૦૫ RuPay કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

**પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળ કોણ ખાતું ખોલાવી શકે છે ?**

પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળ ભારતમાં રહેતો કોઈપણ નાગરિક, જેની ઉંમર ૧૦ વર્ષ કે તેથી વધારે છે તેઓ જન-ધન ખાતું ખોલાવી શકે છે. જન-ધન ખાતું સાર્વજનિક ક્ષેત્રની બેંકો ઉપરાંત ખાનગી બેંકમાં પણ ખોલી શકાય છે. જો વ્યક્તિ પાસે બીજું કોઈ બચત ખાતું હોય તો તેને જન-ધન ખાતામાં કન્વર્ટ પણ કરી શકાય છે. જન-ધન ખાતું ખોલવા માટે KYC હેઠળ દસ્તાવેજની ચકાસણી કરવામાં આવે છે. આ સ્કીમ હેઠળ જે વ્યક્તિ પાસે કોઈ અન્ય અકાઉન્ટ ન હોય તેઓ બેઝિક સેવિંગ્સ બેંક ડિપોઝિટ(BSBD) ખાતું કોઈપણ બેંક શાખા અથવા બિઝનેસ કોરસ્પોન્ડન્ટ(બેંક મિત્ર) આઉટલેટમાં ઝીરો બેલેન્સ સાથે ખોલાવી શકે છે. જો ખાતાધારકને ચેકબુકની જરૂર હોય, તો તેણે લઘુત્તમ બેલેન્સ સંબંધિત શરતોને પૂર્ણ કરવાની હોય છે.

**પીએમ જન-ધન યોજના હેઠળ ખાતું ખોલવાના લાભો**

PM જન-ધન ખાતાઓમાં લઘુત્તમ બેલેન્સ જાળવવાની કોઈ આવશ્યકતા નથી. યોજના હેઠળ ખાતાઓમાં જમા રકમ પર વ્યાજ મળે છે અને લાભાર્થીઓને RuPay ડેબિટ કાર્ડ પણ આપવામાં આવે છે. આ RuPay કાર્ડ સાથે ૧ લાખનું અકસ્માત વીમા કવર(૨૮.૮.૨૦૧૮ પછી ખોલવામાં આવેલા નવા જન-ધન ખાતા માટે ૨ લાખ) ઉપલબ્ધ છે. પાત્ર ખાતા ધારકોને ૧૦,૦૦૦ સુધીની ઓવરડ્રાફ્ટ(OD) સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત, PM જન-ધન યોજના હેઠળ ખાતાઓ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર(DBT), પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના(PMJJBY), પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના(PMSBY), અટલ પેન્શન યોજના(APY), માઈક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ એન્ડ રિફાઈનાન્સ એજન્સી બેંક (MUDRA) યોજના માટે પાત્ર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોના જીવનમાં પીએમ જન-ધન યોજનાના યોગદાન વિશે એક વખત જણાવ્યું હતું કે, આ એક એવી પહેલ છે જેણે ભારતના વિકાસના માર્ગને કાયમ માટે પરિવર્તિત કર્યો છે. આ યોજનાએ અસંખ્ય ભારતીયો માટે નાણાકીય સમાવેશ અને ગૌરવપૂર્ણ જીવન તેમજ સશક્તિકરણને સુનિશ્ચિત કર્યું છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત માર્ગોનું તાત્કાલિક ધોરણે સમારકામ

**ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા, તાલુકા, ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના માર્ગો ઉપર પેચવર્ક, રી-સરફેસિંગ સહિતની કામગીરી હાથ ધરાઈ**




(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદને પરિણામે જનજીવન પ્રભાવિત થયું હતું. ખાસ તો જિલ્લા, તાલુકા, ગ્રામ્ય, શહેરી તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગને જોડતા રસ્તાઓને વરસાદી વિરામ બાદ તાત્કાલિક ધોરણે પેચવર્ક તેમજ મોરમ પાથરી માર્ગો સમથળ કરવાની કામગીરી બે ત્રણ દિવસથી હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાના માર્ગદર્શનમાં માર્ગ-મકાન વિભાગ પંચાયત તથા સ્ટેટ હસ્તકના માર્ગોને રીપેરીંગ કરવાની કામગીરી ઉપરાંત જે રસ્તાઓ પરથી પાણીના પ્રવાહ ઘટયા બાદ તાત્કાલિક અસરથી રસ્તો ખુલ્લો કરવા તેમજ સમથળ કરવા માટે પેચવર્ક કરવા સહિતની કામગીરી ત્વરિત કરવા સૂચનાઓ આપી છે. માર્ગ અને મકાન પંચાયત વિભાગના કાર્યપાલક ઈજનેર વાય.વી.મોરેની ટીમ દ્વારા માર્ગ મરામતની સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં પંચાયત હસ્તકના ૩૨ રસ્તાઓ માંથી હાલમાં માત્ર ૦૩ રસ્તાઓ જે ઓવરટોપિંગ કારણે બંધ છે તે પણ પાણી પ્રવાહ ઘટી જતાં તાત્કાલિક ધોરણે વાહન વ્યવહાર માટે પૂર્વવત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આમ, જિલ્લાના નાગરિકોને ભારે વરસાદની સ્થિતિ બાદ વાહન વ્યવહાર માટે કોઈ અગવડતા ન રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

## કેશોદના ધારાસભ્ય બામણાસા ગામની મુલાકાત લઈને સમસ્યાઓ હલ કરવા આપી ખાત્રી



(પ્રતિનીધિ દ્વારા)
કેશોદ તા.૨

કેશોદના ઘેડ પંથકમા પસાર થતી ઓઝત સાબળી નદી પસાર થાય છે. જેમાં બનાવવામાં આવેલ પાળો તુટી જતાં પાણી ખેતરોમાં ઘુસી જવાની સાથે પાકને નુકસાન થયું હતું. ત્યારે વરસાદે વિરામ લેતાં કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ બામણાસા ગામે આગેવાનો સાથે સ્થળ ઉપર મુલાકાત લીધી હતી અને ખરી હકીકતની માહિતી ખેડૂતો સાથે બેઠક કરી મેળવી હતી. કેન્દ્રીય મંત્રી અને પોરબંદર લોકસભા મતવિસ્તારના સાંસદ મનસુખભાઈ માંડવીયાએ કેન્દ્ર સરકાર સમક્ષ ઘેડ વિસ્તારની સમસ્યાઓ રજૂ કરી કાયમી ઉકેલ લાવવા સરવે કરવા બજેટમાં રકમ મંજૂર કરવામાં આવી છે અને એકાદ વર્ષમાં વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કાયમી ધોરણે ઉકેલ આવે એ દિશામાં કામ શરૂ થનાર છે. કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ બામણાસા ગામની મુલાકાતે પહોંચતા ખેડૂતો નો આક્રોશ નજરે પડયો હતો અને ધારાસભ્ય દ્વારા અધિકારીઓ સાથે ટેલિફોનીક વાતચીત દરમિયાન ખેડૂત આગેવાન દ્વારા પોતાનો રોષ ઠાલવ્યો હતો. આમ આદમી પાર્ટીના આગેવાનો પણ ઘેડ વિસ્તારની મુલાકાત લઈને સરકાર સમક્ષ માંગણી કરી હતી. કેશોદના ઘેડ પંથકમા પસાર થતી ઓઝત સાબળી નદીઓમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમનાં દરવાજા ખોલવામાં આવે ત્યારે પાણી વધી જાય અને દરિયામાં ભરતી હોવાથી ભળી શકતું ન હોય ત્યારે નદીનાં વહેણમાં દબાણ થવાથી સાંકળી થતાં બાંધવામાં આવેલ પાળાઓ તુટી જવાના બનાવો દર વર્ષે ચોમાસામાં બને છે ત્યારે દબાણ દુર કરી ઉંડી કરવામાં આવે એવી રજુઆત કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી અને સાંસદ દ્વારા કાયમી ધોરણે ઉકેલ લાવવા પહેલ કરી છે ત્યારે આવનારા દિવસોમાં કેટલું પરિણામલક્ષી કામગીરી થાય છે.

## માંગરોળ બંદર ખાતે વ્હેલ શાર્ક દિવસની ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)
માંગરોળ તા.૨

વૈશ્વિક સ્તરે લુપ્ત થતી દુર્લભ પ્રજાતિ અને મહાકાય દરીયાઈ જીવ એવી વ્હેલ શાર્ક પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહી છે. ત્યારે તેના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી માંગરોળ બંદર ખાતે આંતરરાષ્ટ્રીય વ્હેલ શાર્ક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માંગરોળ ઉપરાંત વેરાવળ, ધામળેજ, સુત્રાપાડા, હીરાકોટ, ચોરવાડ સહિતના બંદરોના માછીમારો, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢ વન વિભાગ, વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઈન્ડિયા તથા ટાટા કેમિકલના સહયોગથી ચાલી રહેલા વ્હેલ શાર્ક સંરક્ષણ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતના દરીયામાં પ્રવાસ કરતી વ્હેલ શાર્કના રક્ષણ અને બચાવ માટે લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી આયોજીત કાર્યક્રમમાં મુખ્ય વન સંરક્ષક જૂનાગઢના ડો. કે. રમેશ, નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (વેરાવળ)ના આ.કમાન્ડન્ટ અંકિતકુમાર મિશ્રા તેમજ ખારવા સમાજના પટેલ ધનસુખભાઈ ગોસિયા, નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડના મેમ્બર વેલજીભાઈ મસાણી, મહાવીર મંડળીના પ્રમુખ દામોદરભાઈ ચામુડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓ, આગેવાનોએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતુ કે ગુજરાતના માછીમારોના સાથ સહકારથી છેલ્લા બે દાયકા દરમ્યાન દરીયામાં આકસ્મિક રીતે જાળમાં ફસાયેલી ૯૫૦ જેટલી વ્હેલ શાર્કને માછીમારોએ જાળ કાપીને સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવી છે. જાળના નુકસાન પેટે વન વિભાગ દ્વારા વળતર ચૂકવવામાં આવ્યું છે.

## ગીર સોમનાથ આર એન્ડ બી પંચાયત દ્વારા યુદ્ધના ધોરણે રસ્તાના પેચવર્ક સહિતની મરામત કામગીરી કરાઈ

**તાલાલા, પીપળવા-આંબળાશ, વિઠ્ઠલપરા સહિતના રોડ પર પેચવર્ક-મરામત કામગીરી**




(પ્રતિનિધિ દ્વારા)
પ્રભાસ-પાટણ તા.૨

ગીર સોમનાથ જિલ્લામાં સાર્વત્રિક વરસાદના કારણે નાગરિકોને અગવડતાઓ ભોગવવી ન પડે તે માટે આર એન્ડ બી પંચાયત વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે ગ્રામ્ય રસ્તાઓની મરામતની કામગીરી શરૂ કરવામાં આવી છે. આર એન્ડ બી પંચાયત વિભાગ દ્વારા વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા નાવદ્રા, ભેટાળી, ઈન્દ્રોઈ, પંડવા, તાલાલા, પીપળવા-આંબળાશ રોડ, સુત્રાપાડા તાલુકાના ભુવાવાડા, વિઠ્ઠલપરા સહિત જિલ્લાના નાના-મોટા રોડ-રસ્તાઓ ઉપર રિપેરીંગ, મેટલવર્કની કામગીરી, રીસરફેસીંગ વગેરે કામગીરી હાથ ધરવામાં આવી છે. આર એન્ડ બી પંચાયત કાર્યપાલક ઈજનેર શ્રી અંકિત ભદૌરિયાના જણાવ્યાનુસાર, હાલમાં વરસાદની સ્થિતિ સામાન્ય છે. જિલ્લાના વેરાવળ, તાલાલા, સૂત્રાપાડા સહિત તમામ તાલુકાઓમાં જ્યાં પણ રસ્તામાં ખાડા પડ્યા હતા, ત્યાં પેચ વર્કની કામગીરી હાલમાં ચાલુ છે તેમજ જ્યાંથી પણ ફરિયાદ આવે છે તેના પર પૂરતું ધ્યાન આપીને કામગીરી કરવામાં આવી રહી છે. આમ, આર એન્ડ બી પંચાયત વિભાગ દ્વારા રસ્તાઓની તાત્કાલિક ધોરણે મરામત કરી વાહન વ્યવહારને અગવડતા ન પડે રાબેતા મુજબ શરૂ થાય તેવું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

## પવિત્ર શ્રાવણ માસ- સોમવાર નિમિત્તે શ્રી કષ્ટભંજન દેવ દાદાને પંચમુખીની થીમવાળા વાઘા અને સિંહાસને દિવ્ય શણગાર



(પ્રતિનિધિ દ્વારા)
સાળંગપુર તા.૨

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પણ શ્રાવણ મહિનાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આજે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણા અને કોઠારીશ્રી વિવેકસાગર સ્વામિના માર્ગદર્શનથી પવિત્ર શ્રાવણ માસ અંતર્ગત-સોમવાર નિમિત્તે તા.૦૨-૦૯-૨૦૨૪ને સોમવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો એવં સવારે ૦૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી - અથાણાવાળા દ્વારા કરવામાં આવ્યો હતો. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે દાદાને પંચમુખીની થીમવાળા વાઘા અને સિંહાસને શણગાર કરાયો છે. ભક્તોએ ચાર દિવસની મહેનતે આ શણાગર બનાવ્યો છે. વાઘા ચાર દિવસની મહેનતે રાજકોટમાં બન્યા છે. ૬ સંતો, પાર્ષદ અને ભક્તોને આ શણગાર કરતાં ચાર કલાક લાગ્યા હતાં. શ્રાવણ માસ દરમિયાન શ્રી હનુમાન ચાલીસા યજ્ઞ અનુષ્ઠાન તેમજ શ્રીહરિ મંદિરમાં દિવ્ય હિંડોળાના આ અનેરા દર્શનની સાથોસાથ આજે મંદિરના પટાંગણમાં આવેલ દર્શનનો લાભ હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

## દ્વારકામાં વરસેલા વરસાદી પાણીમાં ૨૦૦થી ૨૫૦ જેટલા ઘેટાઓ તણાયા



**માલધારીઓ સહાય લેવા પ્રાત અધિકારીને આવેદનપત્ર રજૂઆત કરી**

(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૨

દ્વારકામાં વરસેલા વરસાદથી પાણીગ્રસ્ત વિસ્તારમાં ૨૦૦ થી ૨૫૦ જેટલા ઘેટાં પાણીમાં તણાઈ ગયેલ હોવાથી માલધારીઓ ચિંતામાં મુકાયા છે. તેઓ પ્રાંત અધિકારી કચેરીએ આવેદન પત્ર આપી સહાય ની માંગ કરી હતી. દ્વારકા છેલ્લા દિવસો મા માતબર વરસાદ વરસી ગયા બાદ દ્વારકા વિસ્તારમાં ચરકલા વિસ્તાર સહિત વિસ્તારો પાણી ગ્રસ્ત થયા હતા. ત્યારે અનેક માલધારીઓ જે પશુ પાલનનાં વ્યવસાય સાથે જોડાયેલા છે તેવા માલધારીઓનાં ૨૦૦ થી ૨૫૦ જેટલા ઘેટા-બકરાઓ વરસાદી પાણીમાં તણાઈ ગયા છે. જેમાં અનેકનાં મૃતદેહ મળી આવ્યા છે. ત્યારે આ માલધારીઓ આજે પ્રાંત અધિકારી કચેરી જય સહાય આપવા માંગ કરી હતી.

## જૂનાગઢ : ડુબી જતાં મોત

જૂનાગઢ તા. ૨ : જૂનાગઢનાં ખામધ્રોળ રોડ પર રહેતા ઈશ્વરદાસ વિષ્ણુદાસ નિમાવત (ઉ.વ. ૩૫)નું હરીયાણી ડેમમાં ડુબી જવાથી મોત નિપજેલ છે.

## ખરાબ હવામાન તથા ભારે પવન ફુકાવાનો હોવાથી દરિયામાં જવાની મનાઈ હોવા છતા દ્વારકાના દરિયામાં બોટો જોવા મલી




**ખરાબ હવામાનમાં દરિયામાં અનિચ્છનીય બનાવો બને તો જવાબદાર કોન ? સબંધિત તંત્ર ઉંઘમાં**

(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૨

દ્વારકાના દરિયામાં શનિવારે બોપરના સમયે દરિયાં ચહેલ પહેલ કરતી બોટો જોવા મલી હતી. ઓખા મત્સ્યોઉદ્યોગ ખાતા દ્વારા ખરાબ હવામાન તથા ભારે પવન ફુકાવાનો હોય માછીમારી બોટ્સને ટોકન ઈસ્યુ ન કરવા તથા માછીમારોને દરિયો ન ખેડવા તા.૨૬ થી ૩૧ તેમજ ૩૧ થી ૨-૯-૨૦૨૪ જ્યાં સુધી નવી સુચના ના મળે અને ટોકન ઈસ્યુ ના થાય ત્યા સુધી કોઈપણ માછીમારી બોટો એ દરિયામાં માછીમારી માટે જવું નહી તેમજ પગડિયા માછીમારે પણ માછીમારી દરિયામાં જવું નહી જીલ્લાના તમામ બોટ માલિકોએ પોતાની બોટ/હોળીઓ કિનારા ઉપર સલામત રીતે લાંગરી બોટના માછીમારીના ઉપકરણો ઉપર સલામત સ્થળે રાખવા જેથી નુકશાન ના થાય, તમામ માછીમારોએ ફરજિયાતપણે દરિયા તેમજ દરિયાકાઠાં થી દુર જ રહેશે. નિચાણવાળા વિસ્તારોથી દુર સલામત જગ્યાએ આશ્રય મેળવવો વહીવટી તંત્ર દ્વારા અપાતી તમામ સુચનાઓનું પાલન કરવૂ જેવી સુચનો આપવામાં આવી હોવા છતા દ્વારકાના દરિયાંમાં કોની મંજુરીથી બોટો દરિયામાં ગઈ ખરાબ હવામાન ભારે પવનની આગાઇ હોવાથી દરિયામાં ગયેલ બોટોમાં અનિર્છીય બનાવો બનશે ? પછી કુંભકર્ણની નિંદ્રામાં રહેલ તંત્ર જાગશે તેવા સવાલો ઉઠ્યા છે. અગાવ પણ ગેરકાયદે બોટો દરિયામાં ગયેલ હતી. ત્યારે અહેવાલો બાદ તંત્ર દોડધામ થયું હતું. ઉલ્લેખીયન છેકે તાજેતરમાં ભારે વરસાદ વરસી રહ્યો હતો ત્યારે દ્વારકાના દરિયાં ફસાયેલ ૧૩ માછીમારોનું ઈન્ડીયન કોસ્ટ ગાર્ડ દ્વારા રેસ્યું કરવામાં આવ્યું હતું. સબંધિત તંત્ર પહેલેથી જ દરિયાકાઠા વિસ્તારોમાં પુરતી સુરક્ષા તેમજ પોલીસ બંદોબસ્ત ગોઠવી હોય તો આ બોટો દરિયાઈ કઈ રીતે વેંઈ ગયેલ તેવા સવાલો ઉઠયા છે કે પછી દ્વારકાનો દરિયા કાઠો રેઢો પટ પડ્યો છે ?

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ભાદરવી અમાસની ઉજવણી



## દામોદર કુંડ ખાતે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા : સવારથી જ પિતૃદેવોનાં ભાવ સાથે ધાર્મિક કાર્યક્રમો

જૂનાગઢ તા.ર

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે ભાદરવી અમાસની ભાવિકો દ્વારા ભકિતભાવપુર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આજે જૂનાગઢનાં દામોદર કુંડ ખાતે વહેલી સવારથી જ ભાવિકોનો મહેરામણ છલકાયો છે. અને સ્વર્ગીય આત્મજનો પિતૃઓનાં મોક્ષાર્થે વિવિધ ધાર્મિક વિધીઓ કરવામાં આવી રહી છે.

પવિત્ર શ્રાવણ માસનો આજે અંતિમ સોમવાર અને સાથે ભાદરવી અમાસ(સોમવતી અમાસ)નો દિવસ હોય ભાવિકો ખુબ જ શ્રધ્ધાથી ભગવાન શિવજીની પુજા તેમજ પિતૃદેવોની વંદના કરી રહયા છે.

આપ્તજનો હિન્દુ ધર્મમાં પિતૃઓ માટે ધાર્મિક કાર્યો કરવાનું ખુબજ મહત્વ છે.આપ્તજનો મૃત્યુ પામ્યા બાદ તેઓની તૃષા રહી ગઈ હોય તો તેમને મોક્ષ મળતો નથી પરંતુ મૃત્યુ પામેલ સ્વજનોના મોક્ષાર્થે શાસ્ત્રોમાં જુદા જુદા ધાર્મિક કાર્યો જેવા કે પીપળે પાણી રેડવું, પુજન કરવા, શ્રધ્ધા કરવા, શ્રીમદ ભાગવત સપ્તાહ યોજવી તેમજ પીંડદાન, નારાયણબલી જેવા ધાર્મિક કાર્યો કરવામાં આવે છે. તે સાથે જ પિતૃઓના આશિર્વાદથી સુખ પ્રાપ્ત થાય છે. અને પિતૃઓના પ્રત્યે ઋણ અદા કરવા જુદા જુદા ધાર્મિક કાર્યો કરવામાં આવે છે. પિતૃઓની વ્દના માટેનો શ્રેષ્ઠ દિવસ એટલે ભાદરવી અમાસ ગણાયો. આજે ભાદરવી અમાસ નિમિતે જૂનાગઢનાં દામોદર કુંડ ખાતે ભાવિકોનો મહેરામણ ઉમટી પડયો છે. અને પિતૃઓના મોક્ષાર્થે ધાર્મિક વિધી કરી રહયા છે.

આ ઉપરાંત શહેરમાં આવેલા વિવિધ ધાર્મિક સ્થળોએ લોકો પિપળાનાં વૃક્ષ કે જે પુજય ગણાય છે ત્યાં પાણી રેડી અને પિતૃ વંદના કરી રહયા છે. દામોદર કુંડ, પ્રાચી તિર્થ, પ્રભાસ તીર્થ સહિતના સ્થળોએ ભાવભેર ધાર્મિક કાર્યો આજે કરવામાં આવી રહયા છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજે ભાદરવી અમાસની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે.

# જૂનાગઢ શહેરમાં ગણપતિ ઉત્સવ ઉજવવા તૈયારી : ભારે ઉત્સાહ

## ગણપતિ બાપા મોર્યાનાં નારા સાથે તા.૭ સપ્ટેમ્બર શનિવારથી ઉજવણીનો પ્રારંભ થશે



જૂનાગઢ તા.ર

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવ ઉજવવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહયો છે.

આવતીકાલ મંગળવારે શ્રાવણ માસની સમાપ્તી સાથે ભાદરવા માસ શરૂ થવા જઈ રહયો છે. ભગવાન શિવજીની ભાવપુર્વક પુજા અને ભક્તિ કર્યા બાદ હવે માતા પાર્વતી અને શિવજીનાં પુત્ર ભગવાન ગણેશજીની આરાધનાનો અવસર આવ્યો છે. ભગવાન શિવજીએ બે જેમને વરદાન આપેલ છે તેવા ગણેશજીની સ્થાપના કોઈપણ શુભકાર્યો કરીએ તે પહેલા કરવામાં આવે છે. અને રિધ્ધી-સિધ્ધીના દાતા, વિધ્નહર્તા દેવ તરીકે જેમની પુજા થાય છે. તેવા ભગવાન ગણેશજીની ભક્તિ અને આરાધના લોકો હોંશે હોંશે કરી રહયા છે. ઈગલ ખાતે આવેલા ભગવાન ગણેશજીના મંદિરે કાયમી ભકતો દર્શનાર્થે આવે છે. આ ઉપરાંત ધાર્મિક સ્થળોએ આવેલા ગણેશજીનાં મંદિરોમાં પણ ભાવિકો દર્શનાર્થે આવે છે.

વિધ્નહર્તા દેવ ભગવાન ગણેશજીની આરાધનાનો અવસર ભાદરવા સુદ-૪ ગણેશચતુર્થીનાં તા.૭-૯-૨૪ શનિવારથી શરૂ થઈ રહયો છે ત્યારે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવ ઉજવવા તડામાર તૈયારી ચાલી રહી છે.

જૂનાગઢ શહેરમાં ગણપતિ ઉત્સવની ઉજવણીની શુભ શરૂઆત શિંદે પરિવાર દ્વારા કરવામાં આવી હતી અને દર વર્ષે ગણપતિ ઉત્સવ ઉજવવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોથયા જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારો, સોસાયટીઓ, સ્થળો, ધાર્મિક મંદિરો, એપાર્ટમેન્ટોમાં પણ ગણપતિ દાદાનુ સ્થાપન કરી અને ઉત્સવ ઉજવાઈ છે. અનેક વિસ્તારોમાં ગણેશજીની વિધીવત સ્થાપના કરી અને પુજન, આરતી, સંતવાણી સહિતના કાર્યક્રમો યોજવામાં આવે છે. આગામી તા.૭-૯-૨૪ શનિવારથી તા.૧૪-૯-૨૪ સુધી ગણપતિ ઉત્સવની ઉજવણી થશે ત્યારે ગણપતિ ઉત્સવ ભાવભેર અને ઉત્સાહભેર ઉજવવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે.

### ગણેશજીની મુર્તિનું વેચાણ

ગણપતિ ઉત્સવ ગણેશ ચતુર્થીનાં દિવસથી પ્રારંભ થતી હોય છે. ગણપતિ ઉત્સવને લઈને શહેરના વિવિધ માર્ગો ઉપર હાલ ભગવાન ગણેશજીની મુર્તિઓનુ વેચાણ થઈ રહયું છે. રૂા.૫૦૦થી લઈ રૂા.૫૦૦૦ સુધીની મુર્તિઓ મળે છે. કલાકારો દ્વારા ગણેશજીની મુર્તિ બનાવી અને આકર્ષક રંગ કરી મુર્તિઓને આકર્ષક બનાવી રહયા છે. લોકો ભાવપુર્વક મુર્તિઓ ખરીદી રહયા છે અને આ સાથે જ જૂનાગઢમાં ગણપતિ ઉત્સવ ઉજવવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# જૂનાગઢ શહેરમાં આવેલી હેરીટેજ ઈમારતો-ઐતિહાસીક વિરાસતને બચાવી લેવા રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)



જૂનાગઢ તા.૩૧

જૂનાગઢ શહેરનાં જાગૃત નાગરીક અને સામાજીક કાર્યકર અશ્વીનભાઈ મણીયારે જૂનાગઢ શહેરમાં આવેલી નવાબી વખતની હેરીટેજ ઈમારતોનાં રક્ષણ-જાળવણી અને રીનોવેશન માટે અવાર નવાર વિવિધ સ્તરે રજુઆતો કરી છે. પરંતુ હજુ સુધી તેનું કોઈ પરીણામ આવેલ નથી. ખાસ કરીને દિવાન ચોકમાં આવેલ હેરીટેજ ઈમારતો જેમાં જુનું મ્યુઝીયમ, આઈના મહેલ, એસબીએસ કચેરી, જુની કલેકટર ઓફીસ તેમજ દિવાન ચોક અને સર્કલ ચોકમાં આવેલ હેરીટેજ ઈમારતોનાં રક્ષણ અને જાળવણી માટે અનિવાર્યપણે કાર્યવાહી કરવાની જરૂર છે. જો સત્વરે કાર્યવાહી નહી થાય તો આ ઈમારતોનાં જમીનદોસ્ત થવાનો ભય છે. હવે ઈમારતોનું પુર્નઃ નિર્માણ શકય નથી ત્યારે જૂનાગઢની ઐતિહાસીક વિરાસતને બચાવી લેવાની તાત્કાલીક જરૂરીયાત છે તેવું અશ્વીનભાઈ મણીયાર સહીતનાં આ વિસ્તારનાં જાગૃત નાગરીકોએ લાગણી અને માંગણી વ્યકત કરી છે.

અશ્વીનભાઈ મણીયારે આ બાબતે ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ, સેશન્સ એન્ડ ડીસ્ટ્રીકટ જજ અને જીલ્લા કલેકટરશ્રીને પત્ર પાઠવી રજુઆત કરેલ છે તેમાં જણાવેલ છે કે અગાઉ તા. ૬-૮-૨૦૨૪ ના રોજ જીલ્લા કલેકટરને એક પત્ર લખેલો પરંતુ હજુ સુધી આ બાબતમાં કોઈ પ્રત્યુત્તર મળેલ નથી. ત્યાં જાણવા મળેલ છે કે, જનતા ચોક વિસ્તારમાં આવેલ દરબાર હોલ મ્યુઝીયમમાં કોઈ ગેલેરીનો ભાગ પડી ગયેલ છે તેવુ જાણવા મળેલ છે. આ બાબતને અતી ગંભીરતાથી લેવાવી જોઈએ કારણકે છેલ્લા ૨૦-૨૫ દિવસથી દરબાર હોલ મ્યુઝીયમ માંથી રીનોવેશન માટે અંદર રહેલ લાકડાનો સામાન રીક્ષા દ્વારા લઈ જવામાં આવતો હતો. અને ત્યાં તપાસ કરતા કોઈ જવાબદાર અધીકારી મળી આવેલ નથી. આ બાબતે વર્તમાન મ્યુઝીયમના ક્યુરેટર તેમજ તેમના સ્ટાફ દ્વારા કોઈ બેદરકારી દાખવવામાં આવેલ છે કે કેમ ? તેની તપાસ થવી જોઈએ. તેઓએ ત્યાં કોઈ પંચરોજકામ કરેલ હોય અને સામાન લઈ જતા મજુરોને કોઈ સુચનાઓ આપેલી હોય અને વર્ષો જુના મ્યુઝીયમમાં કોઈ શુશોભન માટે રાખવામાં આવેલ લાકડાના ટેકાઓ ખસેડવામાં આવ્યા હોય તેવુ બનેલ છે કે કેમ ? તેની પણ તપાસ થવી જોઈએ. તેમજ રાત-દિવસ ખુલ્લા રહેતા જુના મ્યુઝીયમમાંથી કાઢ વામાં આવેલ માલ કયાં લઈ જવામાં આવ્યો તે પણ તપાસનો વિષય છે. તેમજ પી.ડબલ્યુ.ડી તંત્ર અથવા તો જેમના ભાગે આ રીનોવેશનની જવાબદારી આવેલ છે. તેઓ આ જવાબદારીથી ભાગતા હોય તેના ભાગરૂપે તો આ અકસ્માત થયેલ નથી ને ? તેની પણ તપાસ થવી જોઈએ.

જૂનાગઢના ગૌરવ સમા બીલ્ડીંગનુ અને ઐતીહાસીક ધરોહર નુ રક્ષણ થાય તે માટે સરકાર દ્વારા કોઈ રકમ પણ ફાળવવામાં આવેલ છે. અંદાજે ૧૪૦ વર્ષ પહેલાનુ આ હેરીટેજ બીલ્ડીંગ બહારથી ઈન્ટેક (હતુ તેવુ ને તેવુ) છે. નવાબી શાસનમાં જે કોઈ મકાનો બન્યા છે તે કોઈ ઉપર તૂટી ગયાના બનાવો બનેલ નથી. પરંતુ તેના આંતરીક સ્લેબો પડયાના દાખલાઓ છે. અને એસ.બી.આઈ. (જુની એસ.બી.એસ.) સર્કલ ચોક જૂનાગઢ દ્વારા સમગ્ર બીલ્ડીંગને ઈન્ટેક રાખી આશરે ૧૦૦૦ સ્કવેર ફીટનો સ્લેબ પણ ભરેલ છે. આ બાબતને ધ્યાને લઈ યોગ્ય નીષ્ણાંતો અને કોન્ટ્રાકટરોની સલાહ લઈ તાત્કાલીક આ બીલ્ડીંગને સલામતી બક્ષવી જોઈએ.

આ બીલ્ડીંગમાં દફતર કચેરીનુ જુનુ દફતર કે જે અપ્રાપ્ય હોય તેવા દસ્તાવેજો સાથે કચેરી અને દફતર આ બીલ્ડીંગમાં છે, જેને પણ સુરક્ષીત કરવું જરૂરી છે. આ ઉપરાંત પોલીસતંત્રના કબ્જામાં પણ અમુક ભાગ છે. તાલુકા પંચાયત તથા જીલ્લા પંચાયત પાસે પણ આ બીલ્ડીંગનો અમુક ભાગ છે. મ્યુઝીયમ અને પુરાતત્વ ખાતા પાસે પણ આ બીડીંગમાં અમુક ભાગનો કબ્જો છે. ગેરકાયદેસરનાં અને કાયદેસર ભાડુઆતો પણ આ બીલ્ડીંગમાં છે. અને નવાબી શાસન સમયે વેચાણ થયેલ દુકાનો પણ આ બીલ્ડીંગમાં છે. આમ, આ બીલ્ડીંગ માટે સ્પેશ્યલ, પ્રમાણીક અને કડક અધીકારીની નીમણુંક કરી જૂનાગઢના આ ઐતીહાસીક વારસા દરબાર હોલ મ્યુઝીયમને બચાવવા જોઈએ. અને આપણી આ ઐતીહાસીક ધરોહરો કે જે નવા બનતા ઈજનેરોને પ્રેરણા રૂપ છે. અને આ બાબત આપણી ભાવી પેઢી માટે પણ ઉપયોગી છે તેવા આ બીલ્ડીંગને તાત્કાલીક બચાવવુ જોઈઅ તેમ અશ્વીનભાઈ મણીયારે પત્રમાં જણાવ્યું છે.

### જૂનાગઢની ધરોહર અને ઐતિહાસીક વારસો જોખમમાં

જૂનાગઢ તા. ૨ : જૂનાગઢ શહેરમાં દિવાન ચોક ખાતે આવેલ ઐતિહાસીક ધરોહર સમાન હેરીટેજ ઈમારતો અત્યંત જર્જરીત થઈ ગઈ હોય સાથે જોખમી બની ગઈ છે. આ ઐતિહાસીક વારસાને બચાવી લેવાની તંત્રની તમામ જૂનાગઢવાસીઓની પણ ફરજ છે. હવે ભવિષ્યમાં આવી કોઈ ઈમારત બનશે નહી. ત્યારે જૂનાગઢની વિરાસત જળવાઈ રહે, સચવાઈ રહે તે જરૂરી છે. હાલમાં આ જર્જરીત ઈમારતોની ફરતે લાકડાની બેરીકેડ બનાવી દેવામાં આવી છે તેમ છતાં ઈમારતો ફરતે આવેલી કેબીનો અને લોકોની અવર જવર યથાવત છે. ત્યારે કોઈ દુર્ઘટના સર્જાઈ તે પહેલા જવાબદાર તંત્ર કોઈ નકકર કાર્યવાહી કરશે તેવી સમયની માંગ છે. હાલ તો તંત્રએ માત્ર જાહેર ચેતવણીનું બેનર લગાવી સંતોષ માની લીધો છે.

# જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા રોડ પેચવર્કની કરાઈ રહેલી કામગીરી

## વરસાદે વિરામ લેતાં જૂનાગઢ જિલ્લામાં રોડ રસ્તાઓની સાફ સફાઈની કામગીરી હાથ ધરાઈ

(પ્રતિનિધિ દ્વારા)



જૂનાગઢ તા.ર

સમગ્ર જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા જિલ્લા તાલુકા, શહેર અને ગામોને જોડતા નાના-મોટા રોડ-રસ્તાઓ ઉપર પાણી ભરાવાના કારણે રસ્તાઓને થયેલ નુકશાનને લીધે જાહેર નાગરિકોને મુશ્કેલી ભોગવવી ના પડે તે માટે સરકાર દ્વારા મળેલ સુચના અનુસાર તમામ નાના-મોટા રોડ, રસ્તાઓ રિપેરીંગ, મેટલીંગની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે.

વરસાદી પાણીના પ્રવાહને પરિણામે ધોવાણને પામેલા રસ્તાઓ ત્વરિત મરામત કરી જન સમસ્યાઓનું નિયત સમયમર્યાદામાં નિરાકરણ લાવવા વહીવટી તંત્ર દ્વારા કામગીરી હાથ ધરાઈ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લાના માર્ગો જેવા કે ખડીયા-મેંદરડા-સાસણ રોડ, ખામધ્રોળ-મજેવડી-માખીયાળા રોડ, મેંદરડા-ખોરાસા-લુશાળા-ખોખરડા રોડ, વંથલી-માણાવદર-બાંટવા-સરાડીયા રોડ, નરેડી-બોડકા-પીપલાણા રોડ સહિત જિલ્લાના તમામ તાલુકાઓમાં ગ્રામ્ય વિસ્તારો માર્ગોની મરામત કરવામાં આવી રહી છે.

આ સંદર્ભે કાર્યપાલક ઈજનેર દિનેશ નાઘેરાએ જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત બનેલા રસ્તાઓની મરામત કામગીરીની વિગત આપતા જણાવ્યું હતું કે, બિસ્માર બનેલા માર્ગનું પૂરજોશમાં રીપેરીંગ કામ કરવામાં આવી રહ્યું છે જે વહેલી તકે પૂર્ણ કરી દેવામાં આવશે.

આપણા જીવનમાં સ્વચ્છતાનું ઘણુ મહત્વ રહેલુ છે. ત્યારે જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદ બાદ જિલ્લા વહીવટીતંત્ર સજજ બન્યું છે. જિલ્લાની તમામ નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોને વરસાદ બાદ એક્શન મોડમાં રહી કામગીરી અંગે સૂચના આપવામાં આવેલ છે.

જે અંતર્ગત વરસાદેવિરામ લેતાં જૂનાગઢ જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં વરસાદ પછી સફાઈ ઝુંબેશ હાથ ધરી નગરના વિવિધ વિસ્તારોમાં અલગ અલગ ટીમો બનાવી સાફ સફાઇ હાથ ધરવામાં અવી રહી છે. જાહેર માર્ગો પર જ્યાં દિવસ દરમિયાન સફાઈ ન થઈ શકે એમ હોય ત્યાં રાત્રિ દરમિયાન સફાઈ કરી નગર ચોખ્ખું કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી રહી છે. ઉપરાંત રોગચાળો ન વધે એ માટે જંતુનાશક દવાઓનો છંટકાવ અને મચ્છરનાં ઉપદ્રવને નાથવા ફોગીંગ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢમાં યુવતીને પ્રેમ સંબંધ રાખવા દબાણ કરી હુમલો કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.ર

જૂનાગઢ શહેરના ભક્તિધામ સોસાયટી વિસ્તારમાં યુવતી પ્રેમ સંબંધ રાખવા માંગતી ન હોય જેનું મનદુઃખ રાખી યુવતીના પરિવાર પર હુમલો કરી ઘરમાં તોડફોડ કર્યાની ફરીયાદ સી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે યુવતીની માતાએ સાગર પ્રવીણ સોલંકી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીને ફરીયાદીની દીકરી સાથે આશરે બે વર્ષ પહેલા પ્રેમ સબંધ હોય પરંતુ હાલ ફરીયાદીની દીકરી આરોપી સાથે કોઈપણ જાતનો સબંધ રાખવા માગતી ન હોવાથી જેનુ મનદુખ રાખી આરોપી ફરીયાદીના ઘરે આવી અને લાકડી સાથે પ્રવેશ કરી ફરીયાદીને લાકડી થી પગમા તથા બન્ને હાથમા તથા માથામા માર મારી, ઘરમાં રહેલ એન્ડ્રોઈડ ટી.વી., ટીપોઈ, ઘડીયાળ, મોટર સાયકલ સહિતની ચીજવસ્તુઓની તોડફોડ કરી આશરે રૂા. ૭૦૦૦૦ નું નુકશાન કરી ફરીયાદીના પતિને ભુડી ગાળો આપી ફરીયાદીને છરી બતાવી પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કાલસારી ગામે ઈલેકટ્રીક શોક લાગતા મહિલાનું મોત

વિસાવદર પોલીસ મથકે વાલસીંગભાઈ વજાભાઈ પારઘીએ જાહેર કરેલ કે મૃતક કૈલાશબેન(ઉ.વ.૪૨) બપોરના સમયે વાડીએ પાણીની કુંડીમાં કપડા ધોતા હતા દરમ્યાન કોઈપણ રીતે ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.